RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

## માસિક પત્રિકા

Issue : 8, Year : 66, November, 2019, Pages : 44, Price Rs. 7.00





આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ



# BIO DATA



## Sagar Upen Shah

**Education:**
M.S (Computer Science)
George Washington University, Washington DC, U.S.A

**Personal Info:**
Birth Date: 18th November, 1988 Birth Time: 2.25 pm
Height: 5'4" Weight: 62 Kgs.
Horoscope: Clear
Birth Place: Dombivali (Mumbai)

**Work Profile:** Hadoop Developer Ford Motor Company, Michigan USA

**USA Residential:** Dearborn Michigan

**Visa Status :** **H1-B** **Cell No. USA:** +12022471070

## Jinal Upen Shah

**Education:**
Bachelors in Commerce

**Personal Info:**
Birth Date: 5th October 1992 Birth Time: 7.20am
Height: 5 Feet Weight: 50 Kgs.
Horoscope: Clear
Birth Place: Borivali (Mumbai)

**Work Profile:** Working at CA Firm

**Native Place:** Sayla – Dist. Surendranagar

**Religion:** Dasha Shrimali Sthanakvasi Jain

**Address:** D-135, Dev Nagar, Off: Saibaba Nagar, Kandivali (West) Mumbai-67 Tel. No.:022-28620801

**Contact:** ✆: 9820129748 / 9664294990 **Email :** upen.shah01@gmail.com / i.sagarshah88@gmail.com

**Family Background**

**Grand Parents:** Late Jayantilal Vadilal Shah (Press Reporter)
Late Prabhaben Jayantilal Shah
**Father:** Upen Jayantilal Shah (B.Com) +91 9820129748
**Mother**: Panna Upen Shah (B.A) House Wife +91 9664294990

**Father's Business**

**Company :** **Midas Commodity:** Broking, Shares, Commodity & Mutual Fund
Shop No.4&5, Siddhi Avenue, Chikuwadi, Borivali (W). Mumbai - 92 Tel.: 022-28998079

**Paternal**

**Uncle:** Late Shashikant Jayantilal Shah — Late Sandhya Shashikant Shah
Kirti Jayantilal Shah - +91 9833129748 — Late Nayana Kirti Shah

**Maternal**

**Grand Parents**: Late Mansukhlal Hakamshi Vora (Rojid)
**Uncle**: Ramesh Vora : +91 9324151941 (Ghatkopar) — Arvind Vora: +91 9821255784 (Ghatkopar)
Rashmin Vora : +91 9821429381 (Mulund) — Ashok Vora: +91 9833154210 (Ghatkopar)
Shailesh Vora : +91 9820422015 (Ghatkopar)

**Visiting India Second Week Of December 2019**

Advt.

ઝાલાવાડી સભા મુંબઈ ના ટ્રસ્ટી, દિલેર દાતા
ઉત્તમ નગરસેવક અને

# વિધાનસભ્ય

# **પરાગભાઈ શાહ** ને

સમગ્ર ઝાલાવાડી સમાજ ના હાર્દિક અભિનંદન



ઝાલાવાડી સમાજ ની આ પ્રસન્ન પળો છે.
યુવા સામર્થ્ય ના પ્રતિનિધિ, લોકસેવા માટે તત્પર
**પરાગભાઈ** નો જ્વલંત વિજય
સભા માટે અપાર ગૌરવ ની ઘટના છે.
સામાજિક ક્ષેત્રે, રાષ્ટ્રીય ક્ષેત્રે ખૂબ સફળતા મેળવો
એવી અંતરતમ શુભેચ્છા

# Aval Piyush Shah



**Will Visit Mumbai for 03 Weeks in December 2019**

**Birth Date / Time – Place:**
15 September 1990 / 20:43 hours – Mulund West, Mumbai

**Complexion / Height / Weight:**
Fair / 166 cms (5 feet 5 inches) / 52 kgs

**Education:**
- Master of Business Administration & Engineering (MBA&E) with a focus on Automotive Management from HTW Berlin – University of Applied Sciences, Berlin, Germany
- Bachelor of Technology (B. Tech.) in Mechanical Engineering from V.J.T.I., Mumbai, India

**Work Occupation:**
- (**Presently**) Process Manager, Centre of Excellence – Global Procurement, Alois Kober GmbH, Koetz, Germany
- Master's Thesis & Internship at Daimler AG, Stuttgart, Germany
- Graduate Rotational Excellence Program Trainee at GKN Sinter Metals Pvt. Ltd., Pune, India

**Present Residence:**
Bubesheim, Bavaria, Germany
**Permanent Residence:**
D – 602, Pawapuri CHS Ltd., Ashok Chakravarti Road, Kandivali – East, Mumbai – 400 101

**Native Place:**
Radhanpur, Gujarat
**Religious Faith – Community:**
Jain – Shwetambar Murtipujak (Deravasi) | Gujarati – Visha Shrimali

**Father [Occupation]:**
Piyush Chinubhai Shah [Business Management, Improvement & Growth Facilitator - Enabling Manufacturing Businesses to Maximise Profitability]
+91-99200-28870 | pmpiyush@gmail.com
**Grandparents:**
- Late Shri Chinubhai Sarabhai Shah
- Late Premilaben Chinubhai Shah

**Mother [Occupation]:**
Beena Piyush Shah [Educationalist]
+91-98203-91272 | beenashah94@gmail.com
**Grandparents:**
- Late Shri Rameshchandra Kasturchand Dodhiwala
  [Jain, Zalawadi – Dasha Shrimali | Native Place: Than, Gujarat]
- Bhanuben Rameshchandra Dodhiwala [Kandivali East, Mumbai]

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

નવેમ્બર–૨૦૧૯
વર્ષ : ૬૬ : : અંક : ૮
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ
: પ્રકાશન સ્થાન :
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન), પહેલે માળે,
ચીરાબજાર, મુંબઈ–૪૦૦ ૦૦૨.
ટેલિફોન:૨૨૦૧૨૮૭૦, ૨૨૦૦૦૦૯૭
Email : zalawadisabha@gmail.com

મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન : ૪૦૦૩૨૪૯૬

: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણ વર્ષના રૂપિયા ૪૦૦/–
છૂટક નકલ રૂ. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
બપોરના ૧૨–૦૦ થી સાંજના ૫–૦૦


*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



# રજાની મજા...

આહા આવ્યું વેકેશન, જુઓ રજાની મજા
શું શું લાવ્યું વેકેશન, આવી મજાની રજા
રજાની મજા, મજાની રજા, રજાની મજા

સાથે ભેરુઓની ટોળી
સાથે સખીઓની જોડી
એ તો ડુંગર ઉપર દોડી

ઉપર ટોચે જઈને લાગી દુનિયા જોવા
જો જો મમ્મી તો બોલાવે, પાછળ પપ્પાને દોડાવે
તો પણ આવીશ નહીં હું હાથમાં

અમે તો મુંબઈ જવાના
અને ચોપાટી ફરવાના
ભેળપૂરી ખાવાના

આખો દરિયો ડોળીને દૂર દેશ જવાના
દૂર દેશ જઈ ભારતના ગુણ ગાવાના
આહા આવ્યું વેકેશન, જુઓ રજાની મજા
શું શું લાવ્યું વેકેશન, આવી મજાની રજા



મૈત્રી એ મનુષ્યની મોટામાં મોટી મિરાત છે. પૃથ્વી પર જન્મેલો કોઈ માણસ આખાયે આયુષ્યમાં જો મિત્ર વિનાનો રહે તો હું એને એની વ્યક્તિ તરીકેની મોટામાં મોટી નિષ્ફળતા કહું. મૈત્રીનું પંચાંગ નથી હોતું. મૈત્રી સહજપણે થાય છે. કોઈ પણ પ્રકારના સંબંધમાં સહજતા એ મોટામાં મોટી વસ્તુ છે. આ સહજતાની સાથે સાથે નિખાલસતા પણ હોવી જોઈએ. બે માણસ મળે અને ખુલ્લે દિલે વાત ન કરી શકે અથવા વાત કરતાં એવો ભય હોય કે આમ બોલીશ તો શું લાગશે ? તો એ સંબંધ કાટનો કહેવાય, સાચનો ન કહેવાય. મૈત્રીએ પણ અનેક અવસ્થામાંથી પસાર થવાનું હોય છે. કોઈ પણ સંબંધની કસોટી કાળ છે. સંબંધ શબ્દ બોલીએ એટલે જ એમાં જાણેઅજાણે બંને પક્ષે નાનીમોટી અપેક્ષાઓ હોય છે. આનો કોઈ કોલ-કરાર નથી હોતો, પણ છૂપા, સૂક્ષ્મ આગ્રહો પણ હોય છે. શબ્દો વિના એકમેકના મનોભાવને પામી જવા એ કદાચ મૈત્રીની પરાકાષ્ઠા છે. વફાદારીનો પણ એક ઋગ્વેદ હોય છે. આ ઋગ્વેદ હૃદયની લિપિમાં લખાયેલો હોય છે. હૃદયની લિપિ ઉકેલી શકે તે મિત્ર. પતિ-પત્નીના સંબંધમાં પણ બે વ્યક્તિ એકમેકના માલિક ન થાય પણ મિત્ર થાય તો તે આદર્શ સંબંધ કહેવાય.

# મૈત્રી

**□ સુરેશ દલાલ**

મૈત્રી એટલે સંવાદ. સંવાદ એટલે ડાયલૉગ પણ ખરો અને હાર્મની પણ ખરી. મૈત્રીને કારણે માણસની એકલતાનું એકાંતમાં રૂપાંતર થાય છે. Loniness અને Solitude વચ્ચે ભેદ છે. સાચા મિત્રો એકમેકના એકાંતની ઇજ્જત કરતા હોય છે. બાળક હોઈએ છીએ ત્યારે પણ રમતમાં રંગ ત્યારે જ જામે જ્યારે સાથે ભેરુઓ હોય. બાળકના પહેલા મિત્ર તો રમકડાં છે. આ રમકડાં આપણને નિર્જીવ લાગે છે, પણ બાળકને એ જીવંત લાગે છે. કોઈક નાનકડી છોકરી એકલી એની ઢીંગલી સાથે વાત કરતી હોય તો એ દૃશ્ય જોવા જેવું અને સાંભળવા જેવું છે. બજારમાંથી આણેલી ઢીંગલી એને માટે સોના કે રૂપા કે મોના થઈ જાય છે. માણસ મોટો થતો જાય છે તેમ એનાં રસ અને રુચિ પ્રમાણે મિત્રો બદલાતા જાય છે, પણ મૈત્રીની મૂળ ભાવના એની એ જ રહે છે અથવા રહેવી જોઈએ.

શાળામાં ભણતા હોઈએ છીએ ત્યારે નસીબદારને મિત્રો મળે છે. એવા મિત્રો કે બંનેના અભ્યાસો જુદી વાટે ફંટાયા હોય, બંનેના વ્યવસાયો પણ જુદા હોય અને છતાંય એ મૈત્રીનાં મૂળિયાં કદીયે ઊખડતાં નથી. નવા નવા મિત્રો થતાં જાય છે, પણ જૂના મિત્રો ડાળ પરનાં પાંદડાંની જેમ ખરતાં નથી. એક કવિએ કહ્યું 'તું કે મોટે ભાગે ઑફિસ ફ્રેન્ડશિપ ૧૧ થી ૫ ની હોય છે અને છતાંયે ઑફિસમાં પણ એવી મૈત્રી બંધાતી હોય છે કે ૧૧થી ૫ને ઓળંગીને ક્યાંય શાશ્વતીની મુદ્રા પામે છે. આપણે ત્યાં મૈત્રીના ક્યારેક સંકુચિત અર્થ હોય છે. બે પુરુષ કે બે સ્ત્રી વચ્ચે જ મૈત્રી હોય એવો સંકુચિત અર્થ કરવાની જરૂર મૈત્રીસંબંધ હોઈ શકે એવું કોઈ વિચારી શકતા નથી. અને આવા સંબંધમાં ક્યાંક ને કયાંક વિઘ્નસંતોષીઓ, હવનમાં હાડકાં નાખનારાઓ શરીરની બારાખડી ગોઠવી દે છે. અને માની લો કે ક્યાંક શરીરની બારાખડી ગોઠવાઈ પણ હોય તો એ બંનેની સંમતિનું પરિણામ છે. એના પર ચોકીપહેરો ભરવાનો, ટીકાટિપ્પણ કરવાનો આપણને કોઈ અધિકાર નથી. હું તો કોઈ પણ બે વ્યક્તિઓના સંબંધના સૌંદર્યને કમળ જેમ ઊઘડતું જોઉં છું ત્યારે જલકમલવત્ થઈ એ સૌંદર્ય માણવાનું વધુ પસંદ કરું છું. મૈત્રીની મોટામાં મોટી કરુણતા એ છે કે એ બે વ્યક્તિઓ પ્રેમને નામે એકમેક પર ચોકીપહેરો ભરે. જેવી સંબંધમાં માલિકીના ભાવના પ્રવેશી એટલે વ્યક્તિ વસ્તુ થઈ ગઈ.

મને તો ઘણીએ વાર આખું જગત મૈત્રીમય લાગે છે. ફૂલ અને ઝાકળની મૈત્રી, ફૂલ અને પતંગિયાંની મૈત્રી, ફૂલ અને ભમરાની મૈત્રી, જળ અને સૂર્યકિરણની મૈત્રી, 'સામસામી શરણાઈઓ વાગતી હોય' એવી પંખીઓની મૈત્રી.... આખું આયુષ્ય જાણે આંબાવાડિયું ન હોય !

✶ ✶ ✶

# દાદા-દાદી

☐ હરિભાઉ મહાજન

હવે હું વૃદ્ધ છું. ન ગમે એવી હકીકત છે, પણ સ્વીકારવી પડે.

સામાન્ય રીતે માણસ જોઈતું હોય એ મળે તો લેતો હોય છે અને ન ગમતું હોય એવું કંઈ મળે તો ત્યજતો હોય છે, પણ બધી બાબતમાં એવું શક્ય નથી બનતું. ક્યારેક જોઈતું હોય એ છોડવું પડે છે અને ન જોઈતું હોય એ સામે આવે એટલે અનિચ્છાએ પણ સ્વીકારવું જ પડે છે. વાર્ધક્યનું એવું જ છે. સમય થાય એટલે એ આવે જ છે. ને સ્વીકારવું જ પડે છે. વાળ કાળા કરો, મેકઅપ અને અન્ય ટ્રીટમેન્ટ દ્વારા ચહેરાને વાર્ધક્યની અસરથી બચાવવાનો પ્રયત્ન કરો, ચહેરાને જવાન દેખાડવાનાં ઓપરેશન કરાવો, ફિટનેસ માટે, ફિગર જાળવવા માટે વ્યાયામ કરો, જે કરવું હોય તે કરો, પણ એ બધું કેટલો વખત ? છેવટે તો લડાઈ હારવી જ પડે છે. વાર્ધક્ય ખંતીલું અને દૃઢ નિશ્ચયી હોય છે. એ પીછેહઠ કરીને બેસી જતું નથી. જે વ્યક્તિ પર એની અસર પડી હોય એને માત કરવાની પેરવી ચાલુ જ રાખે છે અને અંતે વિજયી થાય છે.

મેં તો પહેલેથી જ વાસ્તવિકતા સ્વીકારી લીધી છે. નિવૃત્તિ સુધી એનો ખાસ વિચાર નથી આવતો, પણ નિવૃત્તિ માનસિક રીતે પણ વાર્ધક્યની પ્રક્રિયામાં સમાવિષ્ટ થવું પડે છે.

હું નિવૃત્ત થયો અઠ્ઠાવનની ઉંમરે. હવે સાઠ સુધી પહોંચી ગયો છું. મેં મારું દૈનિક ટાઈમ-ટેબલ નવેસરથી ગોઠવી લીધું છે. સવારે છ વાગ્યે ઊઠી જવાનું. દંતધાવન, શૌચાદિ, સ્નાન, પૂજાપાઠ પતાવીને ચા-નાસ્તો કરી લઈ છાપા પર નજર નાખવાની. ને પછી નીકળી પડવાનું. બે-ત્રણ કિલોમીટર વોકિંગ કરવાનું. વચમાં મંદિર આવે તેના દેવદર્શન થાય. રસ્તામાં કોઈ મારા જેવા નવરા પરિચિત મળે તો એમની સાથે ક્યાંક બેસવાની જગ્યા શોધીને ગપ્પાં મારવાનાં. એમ બે-ત્રણ કલાક કાઢી નાખીને પાછા વળવાનું. સાંજે પાછું પાંચેક વાગ્યે નીકળી પડવાનું. ક્યારેક પત્ની પણ સાથે આવે.

ઘરે અમે બે જ જણ. ડોસા-ડોસી. સમયનું ખાસ કંઈ બંધન નહીં. બંનેની તબિયત હજી ઠીક છે. કોઈ ખાસ મોટી સમસ્યા નથી. ક્યારેક શરદી-ખાંસી કે તાવ જેવી સિઝનલ તકલીફો થાય પણ એ તો ચાલ્યા કરે. જોકે આર્થિક સ્થિતિ સામાન્ય ખરી, પણ સાદું-સરળ જીવન જીવવામાં કાંઈ વાંધો ન આવે. સંતોષી નર સદા સુખી, એ કહેવતને નજર સામે રાખીને દિવસો પસાર કરવાના. આપણને એ ફાવી ગયું છે.

તે દિવસે હું રોજના ક્રમ પ્રમાણે નીકળી પડ્યો હતો. મારી ધૂનમાં ચાલ્યે જતો હતો. પાછળથી એક સ્કૂટર આવ્યું. અવાજ પરથી મને ખ્યાલ આવ્યો. અથડાઈ ન પડાય એ માટે હું બાજુએ ખસવાનો વિચાર કરતો હતો પણ સ્કૂટરવાળાએ અમારી બંન્નેની વચ્ચે એક-દોઢ ફૂટનું અંતર રાખીને, સ્કૂટરની ગતિ ઘટાડી દીધી. મારી સામે વારંવાર જોતો જાય ને મારી ચાલવાની ગતિ પ્રમાણે સ્કૂટરની સ્પીડ રાખીને સાથે સાથે આગળ વધતો જાય. મને એ જરા વિચિત્ર લાગ્યું, પણ હું કંઈ બોલું એ પહેલાં જ એ બોલ્યો, 'કાકા, બેસી જાવ. ક્યાં જવું છે ? તમને પહોંચાડી દઉં. હું તમારે ત્યાં જ આવતો હતો. સારું થયું તમે અહીં જ મળી ગયા.'

મારે ત્યાં ? હું તો એ ભાઈને ઓળખતો જ નહોતો. એમની કંઈ ભૂલ થતી હશે એમ મને લાગ્યું.

'ના ભાઈ, મારે ક્યાંય જવું નથી. હું તો આમ જ ટહેલવા નીકળ્યો છું' મેં કહ્યું.

'હવે બેસી જાવને. પછી ચાલ્યા કરજો.' એણે સ્કૂટર રોકીને આગ્રહ કર્યો.

'અરે, ના, ભાઈ. હું તો તમને ઓળખતો નથી ને...'

'એંહ્, એમાં ઓળખવાની ક્યાં જરૂર છે ? હું તમને ક્યાં ઓળખું છું ? પણ મારે તમારું કામ છે. પચીસ-ત્રીસ મિનિટમાં પતી જશે. પછી હું તમને તમે કહેશો ત્યાં મૂકી જઈશ. બેસી જાવ ઝટ.'

મને નવાઈ લાગી. થોડો ડર પણ લાગ્યો. નહીં ઓળખાણ, નહીં પિછાણ, ને આટલો બધો આગ્રહ શા માટે ? એનો શું ઈરાદો હશે ? મારા જેવાનું વળી એને શું કામ હોય ? એ માણસ કંઈક સારી સ્થિતિમાં હોય એવું તો એના એકંદર દેખાવ પરથી લાગતું હતું. તો પણ...

'ના, ભાઈ, ના. તમારી હમદર્દી માટે આભાર. પણ હું તો એક સામાન્ય માણસ છું. કોઈના કશાય કામનો નહીં. એવો હું વળી તમને શું કામ આવવાનો હતો ?' મેં એનો ભ્રમ દૂર કરવાનો પ્રયત્ન કર્યો.

'તમે લાંબી લમણાઝીક કર્યા વગર મારી



સાથે આવો. અર્ધા કલાકમાં શું બગડી જવાનું છે ? આમેય તમે તો નવરા જ છોને ? કામ એવું છે કે આપણને બંનેને એ એક જ કામમાં મોટો ફાયદો થાય એમ છે. પછી તમને બધું કહીશ. પહેલાં તમે ટાઈમ બગાડ્યા વગર ઝટ પાછલી સીટ પર બેસી જાવ.' મારો હાથ ખેંચીને એણે દબાણ વધાર્યું.

કોણ જાણે કેમ, હુંય ઢીલો પડ્યો, ને બેસી ગયો. મારું અપહરણ કરીને ફોનથી મારા પરિવાર પાસે ખંડણી માગવાનો એનો ઈરાદો નહીં હોયને ? એવો વિચાર આવતાં જ મેં બબડવાનું ચાલુ કરી દીધું. 'આપણું કોઈ છે નહીં , ભાઈ. અમે બે ડોસા-ડોસી જ છીએ. એક રૂમ-રસોડામાં રહીએ છીએ. કોઈ ઝાઝી મિલકત નથી. કોઈ મોટી કે લાંબી બીમારી આવે તો દવાદારૂની પણ મુશ્કેલી પડે. મારું કોઈ અપહરણ કરે તોય કોઈ છોડાવવા ના આવે. ફોનના પૈસા માથે પડે.'

સ્કૂટરસવાર મોટેથી હસી પડ્યો.

'તમારું અપહરણ કરી રહ્યો છું, એ વાત કંઈ અંશે સાચી, પણ તમારે ગભરાવાની જરૂર નથી. ખંડણી જેવું કંઈ નથી. ભગવાને ઘણું આપ્યું છે. ને એમાં પૂરેપૂરો સુખી છું. તમને કોઈ તકલીફ નહીં પડવા દઉં. જેમ બને તેમ જલદી, બહુ બહુ તો એક કલાકમાં જ મુક્ત કરી દઈશ' એ બોલ્યો.

એક મોટા ભવ્ય મકાન આગળ એ અટક્યો. અમે બન્ને ઊતર્યા. એણે સ્કૂટર પાર્ક કર્યું, ને મારો હાથ ઝાલ્યો. અમે બંને એની દોરવણી પ્રમાણે મકાનના બારણા તરફ વળ્યા.

એના હાવભાવમાં ગંભીરતા હતી પણ ડર પમાડે એવું કંઈ નહોતું. એનું વર્તન, એની ભાષા અને એનો દેખાવ સભ્ય સમાજની વ્યક્તિ જેવાં હતાં. મને બધું રહસ્યમય લાગવા માંડ્યું. કુતૂહલ થવા માડ્યું. શંકા-કુશંકા પણ થવા લાગી પણ હવે શરૂઆત જેવો ભય નહોતો લાગતો. હિંમત હતી. જોઈએ તો ખરા, શું ખેલ થાય છે ? હું મનમાં વિચારતો વિચારતો એની સાથે પગથિયાં ચડતો હતો.

એણે બેલ વગાડી. બારણું ખૂલ્યું. એક જાજરમાન મહિલા બારણામાં દેખાઈ. મારાં કુતૂહલ અને આશ્ચર્ય વધતાં ગયાં.

'કાકાનું સ્વાગત કરો. હું હમણાં આવું છું.' એમ કહીને એ માણસ ઉપરના મજલે જવાના દાદર તરફ વળ્યો.

એ ખૂબસૂરત મહિલા મને ડાઈનિંગ રૂમમાં દોરી ગઈ. 'અંકલ, શાંતિથી નિરાંતે બેસો. હું ચા-નાસ્તો લાવું છું. મન્મથ કપડાં બદલીને ઉપરથી હમણાં આવશે. તમારે ચિંતા કે ખચકાટ કરવા જેવું કંઈ નથી.' નિખાલસ હાસ્ય સાથે એ બોલી, ને રસોડા તરફ વળી. એણે મારા મોઢા પરનો ભાવ જોયો હશે.

હું મૂંઝાતો હતો જ. બધું અવનવું ને અગમ્ય લાગતું હતું. આખું મકાન ભવ્ય હતું. સુખીસંપન્ન વ્યક્તિનું ઘર હોય એવી બધી સજાવટ હતી. ઘરમાં આ બે સિવાય બીજું કોઈ માણસ દેખાતું નહોતું. એ મારા માટે કુતૂહલનો વિષય હતો. આટલી બધી સમૃદ્ધિ છે, તો નોકરચાકર તો હોય જ ને ? કદાચ પોતાના કામના સમયે આવતા હશે, ને કામ પતાવીને નીકળી જતા હશે. મેં અનુમાન કર્યું, પણ આવા વૈભવી ઘરમાં એકાદ-બે આખા દિવસના સેવક તો હોયને ? હશે. મારે શી ચિંતા. મેં મન વાળ્યું. આ ઘર, ને ઘરની આ બે વ્યક્તિઓ વિશેના વિચારોમાં મારું ચિત્ત મશગૂલ થઈ ગયું હતું, ત્યાં તો મન્મથનો પગથિયાં ઊતરવાનો અવાજ સંભળાયો. જીન્સના પેંટ અને ટીશર્ટની જગ્યાએ હવે એના શરીર પર સફેદ ઝબ્બો અને સફેદ લેંઘો હતા. એના ચહેરા પર ખુશી ફરફરી રહી હતી. ધાર્યું થઈ ગયું હોય એવો આત્મસંતોષ મોઢાની એ ખુશીમાં છુપાયેલો હતો. મારી બાજુની ખુરસીમાં આવીને એ બેસી ગયો, ને સ્વાભાવિક હાસ્ય સાથે એણે બોલવાની શરૂઆત કરી.

''અંકલ, તમે અમને નથી ઓળખતા, ને અમે પણ તમારાથી પરિચિત નથી. આમ તો આપણે પહેલાં કદી મળ્યા નથી, એટલે પારસ્પરિક પરિચય તો ક્યાંથી હોય ? છતાં પણ એક રીતે અમે તમને સારી રીતે ઓળખીએ છીએ.'' મન્મથ બોલ્યો. મને આ પણ એક વધારાના રહસ્ય જેવું લાગ્યું. આવી એકતરફી ઓળખાણ કેવી રીતે હોઈ શકે ? પણ હું કંઈ બોલ્યો નહીં. કદાચ એવું હોય પણ ખરું. આગળ શું કૌતુક ખીલે છે એ જાણવાની ઇંતેજારી સાથે મેં ધીરજભર્યું મૌન જાળવ્યું. એટલામાં એની પત્ની-પત્ની જ હશેને ? મેં ધારી લીધું. એ ટ્રેમાં નાસ્તાની ડિશો અને ચાના કપ લઈને આવી. નાટકનાં પાત્રો જાણે એમની ભૂમિકા ભજવવા લાગ્યાં. એમાં હું પણ એક પાત્ર જ ને ? હું મનમાં જ હસ્યો. હવે ભય જેવું નહોતું લાગતું, એટલે હું સ્વસ્થ હતો.

''આ મારી વિભાવરી. ને હું એનો મન્મથ.'' આગવી જ શૈલીથી એણે એમનો બંનેનો પ્રાથમિક પરિચય આપ્યો. 'મારો' અને 'મારી' એનો અર્થ શું ? આ બંને પતિ-પત્ની નહીં હોય ? મને રહસ્ય જેવું લાગ્યું. પેલું લિવ-ઇન-રિલેશન કહે છે, એવું કંઈ હશે ?

''અમે પતિ-પત્ની જ છીએ, કાકા.''

વિભાવરીને મારા ચહેરા પરનું પ્રશ્નચિહ્ન દેખાયું હશે, એટલે એણે હસતાં હસતાં ખુલાસો કર્યો, ''મન્મથને આવી ગમ્મત-મસ્તી કરવાની ટેવ છે. એને કોઈની સાથે અજાણ્યું લાગતું નથી. એટલે એ આવી રમૂજી શૈલીથી જ શરૂઆત કરે છે.''

ચાલો, મારી શંકાનું સુખદ નિવારણ થયું. હું પાછલી પેઢીનો વડીલ, એટલે આ લિવ-ઇન-રિલેશનની નવતર ફેશન પ્રત્યે મારા મનમાં સદ્ભાવ ક્યાંથી હોય ? પણ આ બન્ને ભારતીય સંસ્કારી પદ્ધતિથી જ જોડાયેલાં છે, એ જાણતાં મને સારું લાગ્યું.

''કાકા, હવે અમારી ને તમારી સમસ્યાનો, બંને પક્ષને અનુકૂળ આવે એવા ઉકેલની વાત તમારી સમક્ષ મૂકું છું.'' મન્મથ સહેજ અટક્યો, ને મારા મુખભાવ વાંચવા લાગ્યો.

એમની સમસ્યા શું છે, એની મને ખબર નથી. હશે કંઈક. પણ મારી સમસ્યાની એમને ક્યાંથી ખબર ? અને મારી કઈ સમસ્યા ? હાલ

તો નવી નવી વૃદ્ધાવસ્થા સિવાય બીજી કોઈ ખાસ સગવડ નથી. હજી ઘડપણ છેલ્લી કક્ષાએ પહોંચ્યું નથી. અમારા બંનેના હાથપગ ઠીક ઠાક ચાલે છે. તો ? મારા મનમાં પ્રશ્ન મોટો થવા લાગ્યો, જેની છાયા મારા મુખારવિંદ પર પડવા માંડી હશે, ને મન્મથને દેખાઈ હશે ? એના ચહેરા પરનું વધારે વિસ્તરેલું સ્મિત એ સૂચવતું હશે ? કે એ આમેય જન્મજાત હસમુખો હશે ?

એણે એ જ મુખમુદ્રા સાથે આગળ ચલાવ્યું. ''આ અમારું અહીંનું ઘર છે, પણ હવે અમે અહીં રહેતાં નથી. અમે અમેરિકામાં છીએ, પણ વર્ષે - બે વર્ષે આવતા રહીએ છીએ, આમ જ દેશ સાથેની આત્મીયતા જાળવી રાખવા માટે. પણ આ વખતનું અમારું પ્રયોજન જુદું છે.'' મન્મથ અટક્યો ને એણે વિભાવરી તરફ જોયું. વાતો વાતોમાં અમારું ચા-નાસ્તાનું પતી ગયું હતું. જોકે મન્મથના હાથમાં હજી ચાનો કપ હતો. શરબતની જેમ એ ઘૂંટડે ઘૂંટડે પીતો હતો. પેટમાં એ શક્તિવર્ધક વ્યંજનોના પ્રવેશથી મારા શરીર અને મગજમાં પણ સ્ફૂર્તિ આવી ગઈ હતી.

''અમારી એક સમસ્યા છે, જે તમે હલ કરી શકો એમ છો, ને તમારી અમે.'' મન્મથની વાતનો દોર પકડી લેતાં વિભાવરી બોલી, ''અમારે બે સંતાનો છે. બાર વર્ષનો દીકરો સુહાસ અને નવ વર્ષની દીકરી સૌમ્યા. બંને મજાનાં બાળકો છે. ખરેખર તો આ સમસ્યા એમની છે. એમને બંનેને દાદા-દાદી જોઈએ છે. એમની સંભાળ માટે નહીં, પણ વડીલોના વાત્સલ્યભાવ માટે. ત્યાં અમારી આસપાસ થોડા ભારતીય ને એમાં કેટલાક ગુજરાતી પરિવારો પણ છે. એમને ત્યાં પણ અમારાં આ બે સંતાનોનાં સમવયસ્ક બાળકો છે, જેમની સાથે સુહાસ અને સૌમ્યાનું હળવામળવાનું રહે છે. એ બધાંની સારી દોસ્તી બંધાઈ ગઈ છે, પણ એમાનાં ઘણાંને ત્યાં દાદા-દાદી છે. એ લોકો પણ એમનાં કુટુંબનાં બાળકો સાથે મૈત્રીભાવથી આનંદ-પ્રમોદ કરતાં રહે છે. રમૂજો પણ કરે, પોતાના જમાનાની કુતૂહલપ્રેરક વાતો પણ કરે, આપણા પ્રાચીન સાહિત્યમાંની વાર્તાઓ પણ કહે, ને આમ વિવિધ રીતે બાળકોનું મનોરંજન કરતાં રહે. બાળકોને આમાં ઘણી મજા પડે. અમારાં સૌમ્યા અને સુહાસ પણ ત્યાં જઈ ચડે, ને મિત્રોનાં દાદા-દાદી સાથે હળી જાય. પણ એ અનુભવે હવે એમને એમ થવા લાગ્યું છે કે અમારે ત્યાં પણ એવા દાદા-દાદી હોય તો કેવું સારું. ને એ ભાવનાથી પ્રેરાઈને એમણે અમને છેલ્લા કેટલાક સમયથી પૂછવા માંડ્યું છે, આપણે ત્યાં દાદા-દાદી કેમ નથી ? હવે એમને શું જવાબ આપવો ? અમારી બાજુએ અમારા પરિવારમાં તો એવું કોઈ નથી. અમારાં નજીકનાં સગાંઓમાં પણ અમારાં બાળકોને અનુકૂળ થાય, એમની હેતાળ વડીલોની અપેક્ષા સંતોષે એવું કોઈ નથી. તો શું કરવું ? દાદા-દાદી કંઈ બજારમાં વેચાતાં થોડાં મળે ?''

''ને એ રીતે મળે એ આત્મીયતાભર્યાં થોડાં હોય ?'' મન્મથે રમૂજ કરીને વાતનું આગળનું અનુસંધાન સાધ્યું. ''કાકા, આપણે ત્યાંથી ફોરેનમાં વસનારાં કેટલાંક યુગલો પોતાનાં નાનાં બાળકોને સંભાળવાં, ને બીજી રીતે પણ ઉપયોગી થઈ પડે એ હેતુથી પોતાના વડીલોને ત્યાં લઈ જાય છે, ને એમાંનાં કેટલાંક તો ગરજ મટી કે વડીલોને પાછા દેશમાં ધકેલી દે છે ! અમારો કિસ્સો એવો નથી. છોકરાંને સંભાળવાં પડે એટલાં એ સાવ નાનાં નથી, ને હોશિયાર પણ છે. અમારી ગેરહાજરીમાં પણ એકલાં રહી શકે એવી તાલીમ એમને અમે આપેલી છે. હમણાં એમને એકલાં મૂકીને જ આ વડીલોની શોધ માટે અહીં આવ્યાં છીએ. બાળક માટે એક અમેરિકન ભલી બાઈને ગવર્નેસ તરીકે મૂકીને આવ્યાં છીએ. દા'ડે આંતરે ફોનથી ખબર કાઢતાં રહીએ છીએ. બધું બરાબર ચાલે છે, એટલે ચિંતા નથી, પણ હવે થોડા દિવસમાં પાછા જવું પડે, એ પહેલાં અમારું આ વડીલોની ખોજનું મિશન સફળ થાય તો ઘણું સારું.'' મન્મથે છેલ્લો ઘૂંટડો પીને કપ હેઠે મૂક્યો.

આ બંનેની વાત પરથી હવે મને એમણે શા માટે આમંત્રિત કર્યો, એ હેતુનો ખ્યાલ આવી ગયો.

''ને તમારી સાથેની મુલાકાતથી અમારું મિશન સફળ થયું હોય એવું અમને તો લાગે છે. થોડા દિવસથી અહીં છીએ એ દરમિયાન અમે તમારી માહિતી મેળવી લીધી છે. તમે બે જણ છો. આગળપાછળ બીજું કોઈ નથી, ને વૃદ્ધાવસ્થાનાં પગથિયે પગ તો મૂકી જ ચૂક્યાં છો, એટલે તમારા માટે પણ અમારું આ સૂચન અનુકૂળ રહેશે, એમ અમારું માનવું છે. અમારે ત્યાં તમને કોઈ અડચણ પડશે નહીં. અમારા કુટુંબના સભ્યો સમજીને જ અમે તમારી સારસંભાળ લેતાં રહીશું. વર્ષે-બે વર્ષે દેશની મુલાકાતે આવવાનું મન થાય તો એ પણ ગોઠવીશું. ત્યાં ન ફાવે, ને પાછા આવતા રહેવું હોય તો તેમ પણ કરી શકશો. કોઈ પણ પ્રકારનું બંધન નથી.'' મન્મથે વિશ્વાસભરી નજરે મારી સામે જોયું. વિભાવરીની આંખોમાં પણ આશા સળવળતી હોય એવું મને લાગ્યું.

મેં હસતું મોઢું રાખીને એક દીર્ઘ શ્વાસ લીધો. ચિત્ત ઘડીભર વિચારે ચડી ગયું. વિભાવરી ખાલી કપ, ને ડિશો ટ્રેમાં ગોઠવીને રસોડા તરફ ગઈ.

મારા મને આકલન કરવા માંડ્યું. માણસો તો સારા લાગે છે. ને એમની રજૂઆત પરથી એમનો કોઈ મોટો કે ખોટો સ્વાર્થ હોય એવું લાગતું નથી. અમે પણ ઘરડાં થઈ રહ્યાં છીએ, એનું મને એકાએક ભાન થયું. 'ઘડપણમાં, ખાસ તો સાવ અશક્ત થઈએ એ અવસ્થામાં હૂંફાળો આધાર જોઈએ. અમારે એવો કોઈ સહારો તો છે નહીં. મન્મથ અને વિભાવરીની વાત સાચી. એ બંનેનાં સ્વભાવ અને ખેલદિલી પરથી તો લાગે છે કે એમનું સૂચન અમારા પણ ભવિષ્યના પ્રશ્નોના ઉકેલ માટે ઉપયુક્ત છે. ભર્યા ભર્યા ઘરમાં બધી સુખ-સુવિધાઓ સાથે નિશ્ચિંત થઈને રહેવાનું મળશે. આત્મીયતાભર્યા વાતાવરણની તાજગીથી વૃદ્ધાવસ્થા પણ કદાચ બે ડગલાં પીછેહઠ કરશે. આ તો લક્ષ્મી સામે ચાલીને ચાં'લ્લો કરવા આવી હોય, એવું છે. હા કહી દઉં ? મારા મને સકારાત્મક અભિગમની તૈયારી કરવા માંડી. પણ પત્નીને પૂછવું પડે.'

''કાકા, તમે વિચાર કરી રહ્યા છો કે હા કહેવી કે ના. ખરુંને ? મનમાં એવી ગડમથલ થાય, એ સ્વાભાવિક છે.'' વિભાવરીએ ડાઈનિંગ ટેબલ પર પાછા ફરતાં મારા હાલકડોલક મનને દૃઢતા આપવા માટે જ જાણે વાતમાં બીજી કડીઓ જોડવા માંડી. ''ખાસ તો એ કારણ કે આપણો પરસ્પર ગાઢ પરિચય નથી. હકીકતોને તપાસવા પારખવાનો પૂરતો સમય મળ્યો નથી. એટલે મનમાં દ્વિધા થાય એ સ્વાભાવિક છે. હજી અમે અહીં આઠ-દસ દિવસ છીએ. એ દરમિયાન આપણે હળતામળતા રહીએ, ને એકબીજાને સારી રીતે ઓળખીએ. એનાથી તમારા માટે પણ બધા પાસાંનો વિચાર કરીને નિર્ણય લેવાની સરળતા રહેશે. હમણાં અમે તમને મૂકવા આવીએ છીએ. પાછળ ગેરેજમાં ગાડી પડી છે. એક કર્મચારીને એ સારી રીતે રહી શકે એટલી પૂરતી જગામાં મોટી, બધી પ્રાથમિક સુવિધાઓ સાથેની રૂમ બનાવી આપી છે, એ અમારા ઘરનું ને બીજી બાબતોનું ધ્યાન રાખે છે. અમે રહેઠાણ ઉપરાંત થોડું વેતન પણ આપીએ છીએ. યુવાન છે, પત્ની ને પાંચ વર્ષના એક નાના બાળક સાથે રહે છે. બીજાં કામો કરીને આવકની ઘટ પૂરી કરી લે છે. અમને પણ નિરાંત, ને એને પણ નિરાંત. ત્યાં અમેરિકામાં તો અમારું ઘર આનાથી લગભગ બમણું મોટું ને વિશાળ કંપાઉન્ડવાળું છે, જેમાં સુંદર બગીચો પણ છે. કંપાઉન્ડમાં ઝૂલો પણ ખરો. બધું વાતાવરણ તમને પણ ગમી જાય એવું આહ્લાદક છે. પછી તમને ફોટા બતાવીશું.'' એણે સમર્થન માટે મન્મથ તરફ જોયું.

''બરાબર છે. સાંજે તમારાં બંનેનું જમવાનું અમારી સાથે.'' મન્મથ બોલ્યો, ''વિભાવરી તું તૈયાર હોય તો આપણે નીકળીએ. માજીને પણ મળી લઈશું ને વળતાં કંઈ લાવવા કરવાનું હોય તો એ પણ પતાવીશું. ને પછી રોજ આમ મળતાં રહીશું.'' મન્મથે મારી સામે સૂચક નજરે જોતાં કહ્યું.

''બરાબર છે.'' મેં પણ એને આશ્વાસન આપ્યું.

''ચાલો. મારે કંઈ ખાસ તૈયારી કરવાની નથી.'' વિભાવરી માથાના વાળ સરખા કરતી ઊઠી. પોશાકમાં તો પંજાબી ડ્રેસ બરાબર હતો.

અમે ઊઠ્યાં. મારું વિચારચક્ર કંઈક વધારે ઝડપથી ફરવા લાગ્યું હતું.

નવી વધારે સારી, ને વધારે સગવડવાળી વસ્તુઓ વસાવવાની ક્ષમતા આવતાં લોકો જૂનીપુરાણી વસ્તુઓનો નિકાલ કરી નાખે છે. કેટલાક તો ઘરમાંનાં ઘરડાંઓનો પણ એવી જૂની ને નક્કામી વસ્તુઓમાં સમાવેશ કરીને નિકાલ કરવા લાગ્યા છે ! એમને વૃદ્ધાશ્રમમાં વધારે સારું ફાવશે, એવું સગવડિયું વલણ ઊભું કરીને ! પણ પશ્ચિમમાં કેટલાક એવા પણ છે, જે વૃદ્ધોને, અશક્તોને, નિરાધાર બાળકોને, પોતાને ત્યાં બાળકો હોવા છતાં પણ દત્તક લઈ જાય છે ! કદાચ આ મન્થન અને વિભાવરીને પણ એ હવામાંથી ચેપ લાગ્યો હશે ? કેટલાક જૂની વસ્તુઓને એન્ટિક પીસનો મોભો આપીને બેઠકખંડમાં ને અન્યત્ર વિશેષ સુશોભન તરીકે ગોઠવે છે. અમે બે જણ ડોસા-ડોસી-આમ તો હવે હાલતી-ચાલતી નકામી વસ્તુ જેવાં જને ? એન્ટિક પીસ! પ્રાચીન વસ્તુઓના સંગ્રહશોખીનો માટે અમારો પણ ભાવ આવ્યો ખરો ! પણ તરત મારા મનમાં કંઈક બીજું જ ખખડ્યું. ના, ના. એમ કહેવું એ વિભાવરી અને મન્મથ જેવી સાલસ વ્યક્તિઓને અન્યાય કર્યા જેવું ગણાય છે. એ લોકો અમને બંને જીવિત વ્યક્તિઓને સન્માનનીય વડીલો તરીકે લઈ જવા માગે છે. એટલે અમારે પણ ગુણગ્રાહી બનવું જોઈએને ? અવળો વિચાર ખોટો છે.

અઠવાડિયાના સહવાસમાં સારો ઘરોબો કેળવાયો. બંને પક્ષ એકબીજાને સારી રીતે સમજી શક્યા. ચાલો, આમ તો બધું સારું જ છે, અને જીવનની છેલ્લી અવસ્થાએ પણ કોઈને એ રીતે ઉપયોગી થઈ શકાતું હોય તો ખચકાટ શા માટે રાખવો ?

મન્મથ અને વિભાવરીએ એક બીજી શરત પણ મૂકી. અમારે એ બંનેને દીકરા-દીકરીની જેમ તુંકારથી જ સંબોધવાનાં ! કેવી સાલસતા ! જાણે અમારું વાર્ધક્ય ધન્ય થઈ ગયું ! હવે અમે નિઃસંતાન શાનાં ?

અમે અમેરિકામાં એમના ઘરે પહોંચ્યાં ત્યારે સુહાસ અને સૌમ્યા, દાદા-દાદી આવ્યાંનો હર્ષોન્માદ દાખવતાં સામે દોડી આવ્યાં ને આદરપૂર્વક અમારાં ચરણસ્પર્શ કરીને એમણે આનંદ-ઉલ્લાસથી અમારા હાથ પકડી લીધા. અમારાં હૃદય પણ ગદ્‌ગદ થઈ ગયાં. લોહીની સગાઈ કરતાં પણ વધારે એવી આ કુદરતી આત્મીયતાના અનુભવથી અમને ઘડીભર તો વાર્ધક્યનું વિસ્મરણ જ થઈ ગયું. ક્ષણ-બે ક્ષણમાં જ જાણે બધા અભાવો સમાપ્ત થઈ ગયા !

એમને દાદા-દાદીની જરૂર હતી, તો અમને પણ પોતરાંની ખોટ હતી જને ?

એ અહેસાસ અને એની પૂર્તિથી સુખદ વાર્ધક્યનો સંતોષ જાણે ચરમ સીમાએ પહોંચી ગયો. આ લોકો પારકા ક્યારેય હતા જ નહિ, એવી અનુભૂતિથી આંખો અનાયાસ જ ભીની થઈ ગઈ. અમે માની લીધેલાં દાદા-દાદી નહીં, પણ ખરેખરાં દાદા-દાદી જ હોઈએ એવી લાગણીથી અમારાં ને એમનાં હૃદય પણ છલકાવા લાગ્યાં. અમે નવાં ને અજાણ્યાં નહીં, પણ ચિરપરિચિત હોઈએ એમ એ બંને બાળકો ઊર્મિસભર હૈયે અમને ભેટી પડ્યાં. ને એ ઘટ્ટ સંવેદનશીલતાથી અમે એ બન્ને બાળકોને સ્વયંભૂ વહાલભર્યા હાથે અમારા વાત્સલ્યથી નવડાવતાં રહ્યાં.

પોતાને ત્યાં પણ દાદા-દાદી આવી ગયાં છે, એ મિત્રોને જણાવવાની તાલાવેલીથી સૌમ્યા અને સુહાસ પણ હરખભેર એમને ત્યાં દોડી ગયાં. ને થોડી વારમાં તો મોટું બાળમંડળ દોડદોડ કરતું ત્યાં આવી પહોંચ્યું. ને જાણે ઉત્સવની ઉજવણી થવા લાગી !

પોતાનાં સંતાનોની ખુશાલી જોઈને મન્મથ અને વિભાવરીના મુખ પર પણ અનોખી આભા ઝળહળી રહી હતી. આનાથી વધારે સારી ભેટ સંતાનોને આપી શકાઈ ન હોત, એનો સંતોષ એમને કૃતાર્થતાનો અનુભવ કરાવી રહ્યો હતો.

* * *



# ચંદનબાળા

ચંપાપુરીનો રાજા દધિવાહન ચેટક રાજાની પુત્રી પદ્માવતી કે જેનું બીજું નામ ધારિણી હતું તેને પરણ્યો હતો. તેમને વસુમતી નામની પુત્રી હતી. આ દધિવાહન રાજાને શતાનિક રાજા સાથે વેર હતું. તેથી શતાનિક રાજાએ પોતાના સૈન્યને લઈને ચંપાપુરીને ઘેરો ઘાલ્યો, તેથી ઘોર યુદ્ધ થયું. હજારો મનુષ્યો તેમાં મરાયા અને દધિવાહન રાજા રાજ્ય મૂકીને નાસી ગયો અને શતાનિક રાજાએ ચંપાપુરી લૂંટી, તેમાં એક સુભટે દધિવાહન રાજાની રાણી ધારિણીને તથા પુત્રી વસુમતિને પકડ્યાં.

સુભટે ધારિણીને પોતાની સ્ત્રી થવા કહ્યું પણ ધારિણીએ સુભટને ધૂતકારી કહ્યું, ''અરે અધમ અને પાપીષ્ટ! તું આ શું બોલે છે. હું પરસ્ત્રી છું; ને પરસ્ત્રી લંપટ તો મરી નર્કે જાય છે.'' પણ સુભટે ધર્મવચનોને ન ગણકારતાં ધારિણીનું શિયળ ખંડન કરવા તેના ઉપર બળાત્કાર કરવા માંડ્યો એટલે ધારિણીએ પ્રાણત્યાગ કર્યો. માતાનો વિયોગ થવાથી વસુમતિ વિલાપ કરવા લાગી. કરુણ આક્રંદ કરતી કહેવા લાગી કે, ''હે માતા! તું મારા ઉપરથી સ્નેહ તજીને જતી રહી! મારે હવે પરહસ્તે પડવું પડશે તો તે કરતાં મારું મૃત્યુ થયું હોત તો સારું હતું.'' આમ રોતાં કકળતાં તેણે મૃત માતાના પગ પકડી લીધા અને ''તને હવે હું નહીં જવા દઉં, મને છોડીને નહીં જવા દઉં.''

આવાં આવાં વસુમતીનાં રુદન-વચન સાંભળી સુભટે કહ્યું, ''હે મૃગાક્ષી, મેં તને કશાં કુવચન કહ્યાં નથી. હું તને પરણવાનો છું એમ તું લેશ માત્ર ધારીશ નહીં.'' એમ વસુમતીને સમજાવી ધારિણીના શરીર ઉપરથી હાર વગેરે પ્રમુખ અલંકાર ઉતારી લીધા અને વસુમતિને પોતાના ઘરે લઈ ગયો. પણ ઘરે તેની સ્ત્રીએ તેને સાફ શબ્દોમાં સંભળાવી દીધું કે, આ પારકી સ્ત્રીને તમે ઘરે લાવ્યા છો તે હું સહન નહીં કરું. તેને ઘરબહાર કાઢી મૂકો. ઘરેથી આવાં વચનો સાંભળી વસુમતિને લઈ સુભટ બજારમાં વેચવા નીકળ્યો. બજારમાં વસુમતિનું રૂપ જોઈ તેને ખરીદવા ઘણા તૈયાર થયા. ગામની વેશ્યાઓ તેને ખરીદવા માગતી હતી, પણ એક ખરીદવા માગતી વેશ્યાએ વસુમતિનો હાથ પકડ્યો એટલે રાજકુમારીએ તેને પૂછ્યું, તમારું શું કુળ છે અને તમે શું કરો છો. વેશ્યાએ ઉત્તર આપ્યો, તારે કુળનું શું કામ છે? તને ઉત્તમ વસ્ત્રો અને ઉત્તમ ભોજન અમારે ત્યાં મળી રહેશે, પણ વસુમતિ સમજી ગઈ કે આ તો વેશ્યાઓ છે તેથી તેણે તેઓની સાથે જવાની ના પાડી. વેશ્યાઓએ તેને લઈ જવા માટે બળનો આશરો લીધો. ત્યારે વસુમતિ ચિત્તને વિષે બહુ ખેદ ધરવા લાગી. તેણીના શિયળની રક્ષા માટે એક દેવે આકાશમાંથી આવી તે વેશ્યાનું નાક કાપી નાખ્યું અને તેની કાયા કાળી તુંબડી જેવી કરી નાખી. આથી વેશ્યાઓ ગભરાઈ અને તેઓના ઘરે જતી રહી. આથી સુભટ વસુમતિને વેચવા બીજા બજારમાં લઈ ઊભો રહ્યો, ત્યાં ધનાવહ શ્રેષ્ઠી તેણીને લેવા આવ્યો. તેને રાજકુમારીએ પૂછ્યું, તમારા ઘરમાં મારે શું કામ કરવાનું છે? શેઠે કહ્યું, ''અમારા કુળમાં જિનદેવની પૂજા, સાધુઓની સેવા, ધર્મ શ્રવણ, જીવદયા પાલન આદિ કરીએ છીએ.'' ધનાવહ શેઠની આવી વાત સાંભળી હર્ષ પામીને વસુમતિ કહેવા લાગી, ''હે સુભટ! જો તું મને વેચવાનો હોય તો, આ શેઠને ત્યાં વેચજે.'' સુભટે તેને ત્યાં જ વેચી. શેઠ વસુમતિને ઘરે લઈ ગયો. આમ આ રાજપુત્રી શુભ કર્મથી સારે ઘેર પહોંચી.

શેઠની સ્ત્રી મૂળા આને જોઈ વિચારવા લાગી. મારો પતિ આને સ્ત્રી કરી રાખવાને માટે લાવ્યો લાગે છે. હમણાં તો તેને દીકરી કહે છે, પણ પુરુષનું મન કોણ સમજી શકે છે?

ધનાવહ શેઠે વસુમતિનું નામ ચંદનબાળા રાખ્યું, એટલે હવેથી વસુમતિ ચંદનબાળાના નામે ઓળખાવા લાગી.

એકદા મૂળા શેઠાણી પાડોશણને ઘરે ગઈ હશે એવામાં ધનાવહ શેઠ ઘરે આવ્યા. તે વખતે ચંદનબાળાએ શેઠને પિતાના આસને બેસાડીને વિનયપૂર્વક તેમનાં ચરણ ધોવા લાગી. આ વખતે મૂળા શેઠાણી ઘરે આવી. ચંદનબાળાની ભૂમિ ઉપર પડતી વેણીને શેઠે પોતાની પાસે લીધી અને ચંદનબાળાને શેઠનાં ચરણ ધોતી જોઈ વિચારવા લાગી કે, આ શેઠ ગમે ત્યારે આને પોતાની સ્ત્રી બનાવી મને કાઢી મૂકશે યા તો વિષ આપી મને મારી નાખશે. માટે વિષવેલીને ઊગતાં જ છેદી નાખવી જોઈએ.

ધનાવહ શેઠ એક વેળા બહારગામ ગયા હતા. તે વખતે મૂળા શેઠાણીએ ચંદનબાળાનું મસ્તક મુંડાવી નાખ્યું અને પગમાં બેડી નાખી તેને ભોયરામાં પૂરીને તાળું મારી દીધું. પોતાના મનથી સંતોષ માનવા લાગી અને વિચારતી રહી કે શોક્યને મારવાનો વળી દોષ શાનો?

ચંદનબાળા ભોંયરામાં વિચાર કરે છે કે

મારાં કર્મ જ આવાં છે. નગરમાંથી સુભટે પકડી. માર્ગમાં માતાનું અવસાન થયું. વળી ઢોરની માફક બજારમાં વેચાવું પડ્યું, પણ કંઈક સારા નસીબે વેશ્યાને ત્યાં વેચાતાં બચી. હવે અંધારા ઓરડામાં ભૂખે-તરસે પડી રહેવાનું છે. ''હે વીતરાગ! તારું શરણ છે; અહીં એકાંત છે, ધર્મધ્યાન કરીશ - એમ વિચારતી નવકાર મંત્રનો જાપ કર્યા કરે છે. એમ કરતાં ત્રણ દિવસ થયા. આથી તેનાં ઘણાં કર્મો ક્ષય પામ્યાં.''

બહારગામ ગયેલા ધનાવહ શ્રેષ્ઠી ઘેર આવ્યા તો તેણે ચંદનબાળા જોઈ નહીં તેથી પત્નીને પૂછ્યું, ''ચંદનબાળા ક્યાં ગઈ છે ?'' ત્યારે શેઠાણીએ જવાબ આપ્યો, ''એ તો છોકરાની સાથે ફર્યા કરે છે. આમ તેણે સાચી વાત છુપાવી, પણ એક વૃદ્ધ દાસીએ શેઠને ખાનગી રીતે મૂળા તથા ચંદનબાળાની બધી હકીકત શેઠને જણાવી અને ચંદનબાળાને ક્યાં પૂરી છે તે બતાવ્યું. ધનાવહ શેઠે પોતાની મેળે તેનું દ્વારા ખોલ્યું. ધનાવહે ચંદનબાળાને બેડીથી બાંધેલી, માથે મુંડિત અને અશ્રુભીની આંખવાળી જોઈ અને સાંત્વન આપી તેને સ્વસ્થ થવા કહ્યું અને ભૂખ તૃપ્ત કરવા રસોડામાં પડેલા અડદના બાકુળા લાવી તેને આપ્યા અને તેઓ બેડી તોડી શકે એવા લુહારને લેવા ગયા.

ચંદનબાળા વિચારે છે કે ''કેવાં કેવાં નાટક મારા જીવનમાં ભજવાયાં. ક્યાં હું રાજકુમારી - કેવા સંજોગોમાં બજારમાં વેચાઈ - કર્મયોગે કુળવાન શેઠે ખરીદી. કેદીની માફક બેડીઓ સાથે ભોંયરે પુરાઈ - ત્રણ દિવસના ઉપવાસ થયા. હવે પારણું થઈ શકે છે. પણ કોઈ તપસ્વી આવે અને અઠ્ઠમને પારણે તેને ભોજન આપી પછી પારણું થાય તો આત્માને આનંદ થાય. કોઈ અતિથિ આવે તેને આપીને પછી જ હું જમું, અન્યથા જમીશ નહીં.''

એમ તે વિચાર કરે છે, તેવામાં ભિક્ષા અર્થે ફરતા ફરતા શ્રી વીર ભગવાન ત્યાં આવી ચડ્યા. તેમને એવો અભિગ્રહ હતો કે, ''જો કોઈ સ્ત્રી ઉંબરા ઉપર બેઠી હોય; તેનો એક પગ ઘરની અંદર અને એક પગ ઘરની બહાર હોય, ભાવે કરીને તે રાજપુત્રી હોય, પણ દાસપણું પામી હોય, પગમાં બેડી હોય, મસ્તક મુંડાવેલું હોય ને રુદન કરતી હોય એવી સ્ત્રી અઠ્ઠમને પારણે સૂપડાના ખૂણામાંથી જો મને, ભિક્ષા-કાળ વ્યતીત થયા પછી અડદના બાકળા વહોરાવે તો મારે તે લઈને પારણું કરવું.''

આવા અભિગ્રહવાળા વીર પ્રભુને અકસ્માત આવ્યા જોઈને હર્ષ પામી તે કહેવા લાગી, ''હે ત્રણ જગતના વંદનિક પ્રભુ ! મારા ઉપર પ્રસન્ન થઈ આ શુદ્ધ અન્ન વહોરીને મને કૃતાર્થ કરો.'' ભગવાન પોતાના અભિગ્રહના ૧૩ બોલમાં ૧ બોલ ઓછો એટલે કે બધી રીતે અભિગ્રહના બોલ પૂરા થતા હતા, પણ એક રુદનની અપૂર્ણતા જોઈ પાછા ફરવા લાગ્યા. તે જોઈ ચંદનબાળા પોતાને હીણભાગી ગણી, મોટેથી રુદન કરવા લાગી. વીર ભગવાન રુદન ધ્વનિ સાંભળી પોતાનો અભિગ્રહ પૂર્ણ થયો જાણી પાછા ફર્યા અને અડદના બાકળા વહોર્યા, કે તરત જ દેવતાઓએ આવી સાડા બાર કોટિ સુવર્ણની વૃષ્ટિ કરી. તે વખતે ચંદનબાળાની લોહની બેડી તૂટી ગઈ ને તેનાં આભૂષણ થઈ ગયા. એ આકાશમાં દેવદુંદુભી વાગી.

દેવદુંદુભી સાંભળી નગરજનો એકત્રિત થયા. ત્યાંનો રાજા શતાનિક પણ ત્યાં આવ્યો. તે દેવકૃત્ય સુવર્ણ વૃષ્ટિ જોઈ આશ્ચર્ય પામ્યો અને બોલ્યો કે, ''આ સર્વ સુવર્ણ આ ચંદનબાળાનું થાઓ.'' આવી રીતે વીર ભગવંતે પાંચ માસ અને પચીસ દિવસે પારણું કર્યું.

ચંદનબાળા અતિ હર્ષ પામીને બોલી, ''આજે મારાં મહાભાગ્ય કે મેં પ્રભુને પારણું કરાવ્યું; તેમાં મૂળા શેઠાણી પણ ધન્ય છે. તે મારી માતા સમાન છે. મારી માતા ધારિણીથી જે કાજ નથી સર્યાં, તે સર્વે મારી આ મૂળાદેવી માતાથી સિદ્ધ થયાં છે. તેણે ધનાવહ શેઠને પણ સમજાવ્યા કે, ''મૂળાદેવીને કંઈ કહેવું નહી'' આથી મૂળા શ્રાવિકા બની અને ચંદનબાળાને યોગ્ય માન આપવા લાગી.

મહાવીર પ્રભુ અહીંથી વિહાર કરી ગયા. અનુક્રમે તેમનાં સર્વ કર્મ ક્ષયે તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. પ્રભુ પાસે આવીને ચંદનબાળાએ પ્રભુને પ્રણામ કરીને ચારિત્રની યાચના કરી. દેવતાએ આપેલું સર્વ દ્રવ્ય સાત ક્ષેત્રમાં વાપરી તેણીએ દીક્ષા લીધી.

એકદા ભગવાનની વાણી સાંભળી મૃગાવતી કે જેમણે ચંદનબાળા આગળ દીક્ષા લીધેલ તે ભગવાનની વાણી સાંભળવા સૂર્ય-ચંદ્ર આવેલ. તેમના અજવાળાના લીધે ઉપાશ્રયે ઘણી મોડી આવી. રાત થઈ જવાને લીધે ચંદનબાળાએ તેને ઠપકો આપ્યો.

મૃગાવતી પોતાને લાગેલ અતિચાર માટે આત્માની નિંદા કરતી હવે પછી હું એવું નહીં કરું એ પ્રમાણે મિથ્યા દુષ્કૃત્ય દેવા લાગી. આત્મનિંદાના ઉત્કૃષ્ટ પરિણામ રૂપે તેને કેવળજ્ઞાન થયું. તે જ રાત્રે મૃગાવતી જે ચંદનબાળાની પાસે હાજર હતી, તેણે ચંદનબાળા પાસે પસાર થતો એક સાપ જોયો, તેથી ચંદનબાળાનો હાથ ઉપાડી બીજી બાજુએ મૂક્યો. ત્યારે ચંદનબાળા બોલી, ''તેં મારો હાથ કેમ ઉપાડયો ?'' મૃગાવતીએ ઉત્તર આપ્યો, ''અહીંથી સર્પ પસાર થતો હતો તેથી મેં તમારો હાથ ઉપાડીને બીજે મૂક્યો.'' ચંદનબાળાએ પૂછ્યું, ''રાત્રીના ઘોર અંધકારમાં તેં સર્પ કેવી રીતે જોયો ?''

મૃગાવતીએ કહ્યું, ''જ્ઞાનથી''. ઓહો ! પ્રતિપાતિ કે અપ્રતિપાતિ જ્ઞાન ? એમ ચંદનબાળાએ પૂછ્યું. જવાબમાં મૃગાવતીએ, 'અપ્રતિપાતિ જ્ઞાન' એમ જણાવ્યું. ચંદનબાળા સમજી ગયાં કે મૃગાવતીને કેવળજ્ઞાન થયું છે તેથી તેણે મૃગાવતીને ખમાવી મિથ્યા દુષ્કૃત્ય દીધું. આથી ચંદનબાળા પણ કેવળજ્ઞાન પામી અને બંને મુક્તિએ ગયાં.

(જૈન શાસનના ચમકતા હીરા)

✶ ✶ ✶

# ખરીદી શકાય એવું સુખ ક્યાંય વેચાતું નથી, અને વેચી શકાય એવું દુઃખ ક્યાંય હોતું નથી...

દશેરા પછીના રવિવારની તૈયારીઓ ઘરમાં ચાલી રહી હતી. ઘરમાં દિવાળીનું વાતવરણ બરાબરનું જામ્યું હતું. ઘરના બધા સભ્યોની જરૂરિયાત પપ્પાને ધ્યાનમાં હતી. છતાં પપ્પા ચૂપ બેસી સાંભળી રહ્યા હતા.



હવે હું મોટો થઈ ગયો... હતો એટલે પપ્પાની દરેક વાત અને મોઢાના હાવભાવને હું ધ્યાનથી નિરીક્ષણ કરતો હતો.

મમ્મી બોલી. હવે તમારે કયારે કપડાં સીવડાવવા નાખવાના છે ?

પપ્પા કહે, કબાટમાં આટલા બધા કપડાં તો છે. મારે શું જરૂર છે ?

પણ તમારા મોજાં અને અન્ડરવેર ફાટી ગયા છે તે તો ખરીદી લો. હવે મમ્મી બોલી.

પપ્પા હસીને બોલ્યા, અરે ગાંડી અંદર કોણ જોવા આવવાનું છે. દિવાળી પછી વિચારશું શું ઉતાવળ છે.

મમ્મી બોલી... હવે તો કામવાળાને પણ તમારા કપડાં ધોવા આપતા શરમ થાય છે. એ પણ પૂછતો હતો.

કયારે સાહેબના નવા કપડાં લાવો છો ?

પાપા આજે મમ્મીને ખીજવવાના મૂડમાં હતા.

તો... તું મારા કપડાં કેમ ધોતી નથી ?

મમ્મી કહે, બધી વાતને ગમ્મતમાં ન લ્યો, દિવાળીમાં કોઈના ઘરે જઈએ ત્યારે મોજામાં થી પગનો અંગૂઠો તમારો બહાર આવેલો જોઈને અમને બધાને શરમ આવે છે.

ઘણી વખત તો પાછા પગ પર પગ ચઢાવી સ્ટાઇલ મારો છો પણ બૂટના તળિયા તો ફાટી ગયા હોય છે. બૂટ પોલિશની ડબ્બી ખાલી થઈ ગઈ છે બે મહિનાથી. કોરો ગાભો મારો છો, ક્યાં સુધી આવી કસર કરશો ?

બસ.. કર...ભાગ્યવાન (મમ્મીને પાપા પ્રેમથી આ નામે બોલાવે છે) તેં તો મારા બાળકોની સામે મારી ફિલ્મ ઉતારી નાખી.

મને કરકસર કરવામાં આનંદ આવે છે. મારો સમય હતો ત્યારે તને ખબર છે મારા શોખ વિશે તું જ મારી ટીકા કરતી હતી.

સમય પ્રમાણે દરેક વ્યક્તિની જિંદગીમાં શોખ, રુચિ અને અભિગમ બદલાતા રહે છે.

શોખની વાત હું કરતી જ નથી, મમ્મી બોલી.

દાઢીની બ્લેડ પણ ધાર વગરની, વગર ક્રિમે તમારા ગાલ ઉપર ઘસી ઘસી રોજ લોહીલુહાણ થઈ જાવ છો.

ટૂથપેસ્ટ નવી પડી હોય તો પણ વેલણ ફેરવી ફેરવીને પેસ્ટને છેલ્લે સુધી ચૂસી લો છો....આ બધું છે શું... ?

અમે બધા ખડખડાટ હસી પડ્યા. પાપા પણ પેટ પકડી હસી પડ્યા. બસ કર. હવે પપ્પા હસતા હસતા બોલ્યા.

વાતવરણ હળવું હતું. છતાં પણ વાસ્તવિકતાથી દૂર ન હતું. તકલીફોની વચ્ચે પણ પપ્પાની ધીરજને હું મનોમન સલામ કરતો હતો.

દુનિયામાં જે વ્યક્તિ તમારી આંખોની ભાષા સમજી લે તેનો હાથ અને સાથ છોડવાની ભૂલ કદી કરવી નહીં. પપ્પાએ મારી તમામ જરૂરિયાતો આંખોની ભાષાથી જ પૂરી કરી છે એ પપ્પાની આંખોની ભાષા હું ન સમજી શકું તેટલો નાનો ન હતો.

પાપા વિશે મારી કલ્પના દેવોથી પણ ઉપર એટલે જ છે. જાગતો દેવ તો આપણા ઘરમાં જ બેઠો હોય છે. નાહકના મંદિર અને ગુરુજીના આશ્રમના પગથિયાં લોકો ઘસીને પાવન થવાના નિરર્થક પ્રયત્ન કેમ કરતા હશે ?

કહેવાતા ગુરુઓ, બાવા, સાધુ, સંતો, પરિવાર વગરના હોય છે. તેમને એક પરિવારની ભાવના અને જરૂરિયાત વિશે ક્યાંથી ખબર હોય ?

જ્ઞાન આપવું સહેલું છે. સંસારરૂપી અગ્નિમાં તપો પછી તમારું જ્ઞાન કેમ અપાય તે ખબર પડે.

ભક્તોના રૂપિયાથી સફેદ ઈસ્ત્રી ટાઈટ કપડાં, ટ્રિમ કરેલ દાઢી અને મોંઘી ગાડીમાં ફરતા ગુરુજીને કહો,

કોઈ વખત ST બસમાં મુસાફરી કરો. કોઈ વખત સિટી બસ પકડવા દોટ મૂકો. આખર તારીખમાં ઘરની જરૂરિયાત પૂરી કરો. આ તમારા જ્ઞાન અને વાણીવિલાસના ચીંથરા ઊડી જશે.

આ વાતો દરમ્યાન મારું ધ્યાન પપ્પાના ગળા ઉપર અને હાથની આંગળી ઉપર હતું. પપ્પાને ગમતી પાંચ તોલાની સોનાની ચેઇન, આંગળી ઉપર પહેરેલી ત્રણ સોનાની વીંટીઓ અને કાંડે લટકતું ચાંદીનું મજબૂત કડું ગુમ હતું. હું શંકાનું સમાધાન કરવા પપ્પા મમ્મીના રૂમમાં મોડેથી ગયો તો દરવાજે અટકી ગયો.

પપ્પા અને મમ્મી એકલાં બેઠાં હતાં. અંદર ના રૂમમાં તેમનો સંવાદ સંભળાતો હતો.

ડિસેમ્બરમાં મેડિકલેમ અને આપણા સંજયની કોલેજની ફી ભરવાની આવે છે. કોઈ જગ્યાએ બચત કરશું.

તો આ બધા ખર્ચાઓને પહોંચી શકીશું.

બોનસ તો બાજુ ઉપર ત્રણ મહિનાથી પગાર પણ નથી કર્યો કંપનીએ આવી વિકટ પરિસ્થિતિમાં બચત હોય તો જ જિંદગી સ્વમાનથી જીવી શકાય.

પણ એક વાત યાદ રાખજે. બાળકોની દિવાળીની કોઈ પણ જરૂરિયાત ઉપર કાપ ના મૂકતી. તેમને દિવાળી આનંદથીં ઊજવવા દેજે. પપ્પાએ મમ્મીને કીધું.

મારી જાત ઉપરનો કંટ્રોલ મેં અચાનક ગુમાવી દીધો. હું દોડી ને પપ્પા ને ભેટી પડ્યો. બોલવાની તાકાત હતી નહીં. ફક્ત આંખમાંથી આંસુ નીકળતા હતા.

વર્ષો પછી પપ્પાને મેં છાતીએ લગાવ્યા હતા. ગજબની શાંતિ અને સલામતીનો અનુભવ મને થયો. ૫૬'ની છાતી તો મારા બાપની જ છે એવો અહેસાસ થયો.

મેં પપ્પાનો હાથ પકડ્યો અને તેમના હાથમાં મને જન્મદિવસે આપેલ ૨.૫ તોલાનો સોનાનો ચેઇન મૂકી બોલ્યો, ''પપ્પા દિવાળી ફક્ત બાળકો નહીં આપણે બધા સાથે ઊજવશું.''

પપ્પા બોલ્યા, ''બેટા ગાંડો થયો છે. આ ચેઇન પાછી લઇ લે.''

મેં કીધું એક શરતથી લઉં.

તમે તમારી વીંટી, ગળાની ચેઇન અને હાથનું કડુ મને બતાવો ક્યાં છે ?

પપ્પા મમ્મી મારી સામે ભીની આંખે જોઈ રહ્યાં.

બેટા મને ગર્વ સાથે આનંદ છે. ઉમ્મરની સાથે તારામાં પરિપક્વતા આવી ગઈ છે.

બેટા એ બધું મેં લોકરમાં મૂકી દીધું છે.

પપ્પા ! હવે હું બાળક નથી રહ્યો. તમે પરિવારની જરૂરિયાતો પૂરી કરવા તમારી ઈચ્છાઓ અને મોજ શોખને દાવ ઉપર લગાવી રહ્યા છો.

પપ્પા ! આ મારા સોનાનો ચેઇન એ લોકર કે ગળાની શોભા માત્ર માટે નથી. તમારી પાસેથી આ વાત હું આજે શીખ્યો છું. પરિવાર જ્યારે મુશ્કેલીમાં હોય ત્યારે વસ્તુ કરતાં વ્યક્તિને વધારે મહત્ત્વ આપવું જોઈએ.

બેટા જિંદગીમાં ખરાબ સમય ભગવાન એટલે જ આપે છે. એકબીજાની ભાવના, વાણી - વર્તન અને વ્યવહારનું જ્ઞાન થાય.

બેટા ! એક સલાહ આપું ?

આપો ને પપ્પા...

સમય અને શત્રુ વાર કરવા માટે કદી રાહ જોતા નથી.

આ બન્ને ને પરાસ્ત કરવા માટે પૂર્વ તૈયારીઓ જિંદગીમાં કરવી જ પડે બેટા. ખૂબ મહેનત કરી તું તારા મિશન તરફ આગળ વધ. સંસાર છે આવું બધું તો ચાલ્યા કરે. તારો બાપ બેઠો છે ત્યાં સુધી તારે ચિંતા કરવાની કોઈ જરૂર નથી.

પપ્પાએ તેમનો પ્રેમાળ હાથ મારા માથા ઉપર ફેરવતા બોલ્યા.

મિત્રો..

આવા ૫૬'ની છાતીવાળા બાપની ઉપર તાળીઓ પાડવાને બદલે યુવાન વર્ગ બીજાની ૫૬'ની છાતી જોઇ ગર્વ અનુભવ કરતા હોય છે. એક વખત તમારા બાપની છાતી માપી લેજો દુનિયામાં કોઈની છાતીઓ જોઈ તમે તાળીઓ નહીં પાડો. આવા મા બાપની લાગણીઓ સમજવાનો સાચા દિલથી પ્રયત્ન પણ કરશો તો તેમનો અડધો થાક ઊતરી જશે.

તેમના ખરાબ સમયમાં તેમની લાગણી અને જરૂરિયાત સમજવાનો ફક્ત પ્રયત્ન કરીએ તો પણ ઘણું છે.

□ **પાર્થિવ**

## મીઠી યાદો...



**આ** જે પાર્કમાં એક ૭૦ વર્ષના વડીલ રેડિયો પર એમના જમાનાનું એક રોમેન્ટિક સોંગ સાંભળીને મલકાઈ રહ્યા હતા. જિંદગીની આટલી જ summary છે. કોઈ પ્રિય વ્યક્તિ સાથેની ડ્રીમ સિક્વન્સ અને અંતરમાં રહી ગયેલા પ્રેમનો ફ્લેશબેક.

લાકડીઓમાંથી ખીલતા ગુલાબ અને ચશ્માંના કાચમાંથી દેખાતા ગુલમહોર. હૃદયમાં મુકાયેલા સ્ટેન્ટમાંથી પસાર થતા એ ચહેરાઓ જે એક સમયે લોહીમાં ભળી ગયેલા. આથમી રહેલી આંખો અને છતાં એમાં સચવાયેલા કેટલાક પ્રણય દૃશ્યો. આસપાસના સામાન્ય અવાજોની બહેરાશ અને તેમ છતાં સતત સંભળાયા કરે, કોઈ પ્રિય વ્યક્તિએ વહાલથી લીધેલા આપણા નામના પડઘાઓ.

ધીરે ધીરે સંસારમાંથી છૂટતા વળગણો અને છતાં ક્યારેય ન છૂટું પડી શક્યું હોય એવું એક નામ. કરચલીવાળી ચામડી પર લખાયેલો કોઈના સ્પર્શનો ઈતિહાસ જે અત્યારે કોઈ પુરાતનકાળના રાજાની જાહોજલાલીની જેમ શરીરના મ્યુઝિયમમાં પડ્યો હોય. વૃદ્ધ થઈ રહેલું શરીર એ બીજું કશું નથી પણ અત્યાર સુધી એકઠા કરેલા સંબંધો અને પ્રેમનું સંગ્રહાલય છે. જિંદગીનો 'ધી એન્ડ' આવે ત્યારે આપણી બંધ થઈ રહેલી આંખોની પેલે પાર આવા કેટલાય ગમતાં દૃશ્યોનું રિ-કેપ થતું હોવું જોઈએ. એને છેક સુધી સાથે રાખવા. કોને ખબર ? કદાચ આપણી વાર્તાનો અંત 'ઓપન એન્ડેડ' હોય.

✶ ✶ ✶



# સંબંધ

☐ કૃષ્ણકાંત ઉનડકટ

*સંબંધો તૂટવાનાં કારણોમાં એક કારણ એ પણ હોય છે કે આપણને આપણી વ્યક્તિના સુખનાં કારણો જ ખબર નથી હોતાં*

દરેક માણસની જિંદગીના કેન્દ્રમાં કોણ હોય છે ? થોડાક લોકો. એવા લોકો જેને આપણે પોતાના માનીએ છીએ. આ પોતાના લોકોમાં પણ અમુક ખાસ હોય છે. એ આપણાં જિંદગીની પ્રાયોરિટી હોય છે. તમારા પ્રાયોરિટી લિસ્ટમાં કેટલા લોકો છે ? તમે ક્યારેય એનું લિસ્ટ બનાવ્યું છે ? નહીં બનાવ્યું હોય ! એનું કારણ પણ એ જ છે તે યાદ જ હોય છે. હૃદયસ્થ જ હોય છે. લિસ્ટ તો એનું બનાવવું પડે જે યાદ રાખવાનું હોય. જે ભુલાય જ નહીં એના લિસ્ટ બનતાં હોતાં નથી. એ તો જિંદગીનો જ એક હિસ્સો હોય છે. શ્વાસ લેવાનું યાદ કરવું પડતું નથી. એ તો ચાલતો જ હોય છે. કેટલાક સંબંધો પણ એવા જ હોય છે. અમુક સંબંધો આપણે નિભાવતા હોઈએ છીએ. થોડાંક સંબંધો આપણે જીવતા હોઈએ છીએ. અમુક સંબંધો ઊગતા હોય છે. અમુક આથમતા પણ હોય છે. થોડાક સંબંધો એવા હોય છે, જે કાયમ સોળે કળાએ ખીલેલા જ હોય છે.

દરેક સંબંધો પણ કાયમી હોવાના નથી. જે ખૂટી જાય છે એ સંબંધો પણ જીવનની એક મૂડી તો હોય જ છે. એ સંબંધ જિંદગીના અમુક સમય માટે અવતરતા હોય છે. એણે અમુક સમય સુધી આપણને સુખ આપ્યું હોય છે. આપણી જિંદગીમાં અમુક લોકો એવા હોય છે જે ચાલ્યા ગયા હોય છે. એ જ્યારે હતા ત્યારે એણે આપણા માટે કેટલું બધું કર્યું હોય છે. કોઈ નાનકડો છરકો પાડીને પણ જતા હોય છે. સંબંધોમાં પણ ઊગવું અને આથમવું સ્વાભાવિક છે. સૂરજ ઊગે છે. દિવસ આથમે છે. રાત શરૂ થાય છે. રાત ઊગતી નથી ! આપણે ક્યારેય એવું નથી બોલતા કે, જો રાત ઊગી ! રાત પડે છે. અંધકાર ક્યારેય ઊગે નહીં. ઊગે એ તો પ્રકાશ જ હોય ! સંબંધો પ્રકાશની જેમ આપણી જિંદગીમાં ઊગે છે. અજવાળું ફેલાવે છે. આપણને રોશન કરે છે. આપણે પણ એવું જ કરતા હોઈએ છીએ. આપણી ઇચ્છા પણ એવી જ હોય છે કે, આપણે જેને પ્રેમ કરીએ છીએ, જે આપણા દિલથી નજીક છે એને ખુશ રાખીએ. આપણે આપણી વ્યક્તિને એવું કહેતા પણ હોઈએ છીએ કે, તું મજામાં હોય તો બસ. મને બીજું કાંઈ કયાં જોઈએ છે. હું જે કરું છું એ તારા માટે જ તો કરું છું.

માણસ વિશે એવું કહેવાય છે કે માણસ સ્વાર્થી પ્રાણી છે. આ વાત સાવ સાચી નથી. દરેક માણસની જિંદગીમાં એવા લોકો હોય જ છે જેની પાસે એને કોઈ જ સ્વાર્થ નથી. એની પાસેથી કંઈ જ નથી જોઈતું હોતું. બે દોસ્ત હતા. એક મિત્ર પોતાના દોસ્ત માટે બધું જ કરે. એક વખત તેના મિત્રએ પૂછ્યું, મેં તો એવું સાંભળ્યું છે કે માણસ સ્વાર્થ વગર કંઈ કરતો નથી. તું કેમ મારા માટે આટલું બધું કરે છે ? તેના મિત્રએ કહ્યું, એમાં પણ સ્વાર્થ તો છે જ ! એ સ્વાર્થ તારી પાસેથી કંઈ મેળવવાનો નથી. એ મારો સ્વાર્થ છે. તને મજામાં રાખીને મને ખુશી મળે છે. માણસ પોતાની જાત સાથે સ્વાર્થી હોઈ શકે ? કદાચ હોય છે. પોતાના લોકોને રાજી રાખીને સુખી થવાનો સ્વાર્થ ! આપણે આપણી વ્યક્તિ માટે કંઈક કરીએ એનો રિસ્પોન્સ સારો ન હોય ત્યારે આપણે થોડાક દુ:ખી કે ડિસ્ટર્બ થઈએ છીએ. કેમ આવું થાય છે ? આપણી જાત સાથેનો આપણો સ્વાર્થ પૂરો થયો નહીં એટલે ? અલબત્ત, પ્રેમ કે સંબંધમાં તો આવા કોઈ તર્ક પણ લગાવવાના હોતા નથી, પ્રેમ, લાગણી, સ્નેહ, આત્મીયતા તો દરેક તર્ક, માન્યતા અને માનસિકતા પર હોય છે !

એક પ્રેમીની વાત છે. પ્રેમી અને પ્રેમિકા બંને અલગ અલગ જગ્યાએ એકલાં રહેતાં હતાં. છોકરાને રસોઈ બનાવતા ન આવડતી. છોકરી પોતાના રૂમ પર જ જમવાનું બનાવતી. એ પોતાના પ્રેમી માટે પણ જમવાનું બનાવી લેતી. દરરોજ પ્રેમીને જમવાનું પહોંચાડી દે. શક્ય બને ત્યારે એની સાથે જ જમે. પ્રેમીએ એક વખત કહ્યું કે, તું મારા માટે કેટલું બધું કરે છે યાર ! પ્રેમિકાએ કહ્યું, તારા માટે નહીં કરું તો કોના માટે, હેરાન થવાની પણ એક મજા હોય છે, એ હેરાનગતિ લાગતી જ નથી. આપણે એવા કિસ્સાઓ જોયા જ હોય છે કે, બીજાના માટે જે સળી ભાંગવા જેટલીય મહેનત ન કરે, એ કોઈ ખાસ વ્યક્તિ માટે આખેઆખો ટેકરો પણ તોડવા તૈયાર હોય ! કંઈક ખૂબી હોય છે અમુક સંબંધોની !

પોતાની વ્યક્તિ માટે કંઈ પણ કરવામાં પણ અમુક ધ્યાન રાખવાનું હોય છે. એક યુવાનની આ વાત છે. એ પત્નીને બહુ જ પ્રેમ કરે. તેનું એક જ સપનું હતું કે, મારી પત્નીને તમામ સુખ આપું. એની દરેક ઇચ્છા પૂરી કરું. પત્ની માટે તેની ગમતી વસ્તુઓ ખરીદવા એ નોકરીમાં ઓવરટાઈમ કરે. રવિવારે પણ નોકરીએ જાય. રાત-દિવસ મહેનત કરે. પત્ની તોયે ઉદાસ રહે. એક વખત પતિએ કહ્યું, હું તારા માટે આટલું બધું કરું છું. તને ખુશ રાખવા મથું છું, પણ તારા ચહેરા ઉપર તો કંઈ ખુશી જેવું દેખાતું જ નથી ! પત્નીએ કહ્યું, તું જ કરે છે એ બધું મારા માટે કરે છે એવું તો તું માને છે, હું નથી માનતી ! પતિને આઘાત લાગ્યો, તેણે પૂછ્યું કે, કેમ આવું બોલે છે ? તું મને ખુશ રાખવા ઇચ્છે છે, પણ તને એની ખબર છે કે, મને ખુશી શેનાથી મળે છે ? રવિવારે નોકરીએ જાય છે અને કરતા; મારી સાથે રહે. મને સમય આપ. મને પેમ્પર કર. સગવડ અને

સાધનો જ સુખ નથી આપતાં, સાંનિધ્ય જ સાચા સુખનું કારણ બનતું હોય છે. તમે જેના માટે બધું કરો છો એ એને ગમે છે ખરું ? આપણને એ પણ અહેસાસ હોવો જોઈએ કે, આપણી વ્યક્તિની ખુશી શેમાં છે. એને શું ગમે છે ? શું કરું તો એને લાગે જાણે એ સાતમા આસમાનમાં છે. સંબંધો તૂટવાનાં કારણોમાં એક કારણ એ પણ હોય છે કે આપણને આપણી વ્યક્તિના સુખનાં કારણો જ ખબર નથી હોતાં. એટલે જ આપણને ઘણી વખત એ જ નથી સમજાતું કે સાવ નાનકડા અને તદ્દન ઓછી ચીજવસ્તુઓ સાથે જીવતી બે વ્યક્તિનું દાંપત્ય સુખી કેમ હોય છે ! એને માત્ર એટલી જ સમજ હોય છે કે મારી વ્યક્તિને શું ગમે છે ! ક્યારેક તો અમુક શબ્દો, થોડુંક સન્માન અને આછકલો આદર જ પ્રેમને છલકાવી દેતો હોય છે. આપણી વ્યક્તિને સુખ, આનંદ, ખુશી પણ એની કલ્પના મુજબ આપવું જોઈએ, આપણી ઇચ્છા મુજબ નહીં !

છેલ્લે એક વાત, તમારા માટે કોઈ કંઈ કરતું હોય એની તમને કદર છે ખરી ? તમને એનો અહેસાસ તો છે ને કે આ માણસ જે કંઈ કરે છે એ મારા માટે કરે છે, ભલે તમે એનો આભાર ન માનો, બધામાં થેંક્યૂ કહેવાની જરૂર પણ હોતી નથી, પણ તેને એ અહેસાસ કરાવવાનું ન ભૂલતા કે, તું જે કરે છે એની મને ખબર છે, એની મને ખુશી છે અને એનું મને ગૌરવ છે. એટલું એના સુખ માટે પૂરતું બની રહેશે !

જિંદગીને જીવવા જેવી બનાવનાર જે પરિબળો છે એ બહુ સૂક્ષ્મ હોય છે, નાજુક હોય છે. એને નજાકતથી જ સમજવા અને સંભાળવા પડે.

✶ ✶ ✶



# ચોરી

‘‘સર, ઓળખ્યો મને ? હું વિશ્વાસ ! તમારો ચાળીસ વર્ષ પહેલાંનો વિદ્યાર્થી !’’

‘‘ના, રે ! હવે બરોબર દેખાતું પણ નથી, અને આજકાલ યાદ પણ નથી રહેતું, પણ એ વાત જવા દે, તું કહે, શું કરે છે આજકાલ ?’’

‘‘સર, હું પણ તમારી જેમ જ શિક્ષક થયો છું.’’

‘‘અરે વાહ ! ખરેખર ? પણ શિક્ષકોના પગાર તો કેટલા ઓછા હોય છે ! તને વળી શિક્ષક થવાનું ક્યાંથી સૂઝ્યું ?’’

‘‘સર, તમને કદાચ યાદ હશે, આપણા વર્ગનો ત્યારનો એ પ્રસંગ... જેમાંથી તમે મને બચાવ્યો હતો. બસ, ત્યારથી જ મેં તમારા જેવા જ શિક્ષક બનવાનું નક્કી કર્યું હતું.’’

‘‘એમ ? એવું તે શું બન્યું હતું આપણા વર્ગમાં ?’’

‘‘સર, આપણા વર્ગમાં અક્ષય નામનો એક પૈસાદાર ઘરનો છોકરો હતો. એક દિવસ તે કાંડા ઘડિયાળ પહેરીને શાળાએ આવ્યો હતો. અમારામાંથી કોઈ પાસે ત્યારે કાંડા ઘડિયાળ ન હતી. મને તે ઘડિયાળ ચોરી લેવાની ઈચ્છા થઈ. રમતગમતના સમયે મેં જોયું કે તેણે કાંડા ઘડિયાળ કાઢીને કંપાસ બોકસમાં મૂકી. બસ, યોગ્ય મોકો જોઈને મેં તે ઘડિયાળ ખિસ્સામાં મૂકી દીધી. એ પછી તરત જ તમારો વર્ગ હતો. તમે વર્ગમાં આવ્યા કે તરત અક્ષયે તમારી પાસે તેની ઘડિયાળ ચોરાઈ હોવાની ફરિયાદ કરી.’’

સહુથી પહેલાં તો તમે વર્ગનું બારણું અંદરથી બંધ કર્યું. પછી બોલ્યા, ‘‘જે કોઈએ ઘડિયાળ લીધી હોય, તે પાછી આપી દે. હું તેને કંઈ સજા નહીં કરું.’’ મારી હિંમત ન થઈ કારણ કે એ ચોરેલી ઘડિયાળ મેં પાછી આપી હોત તો જિંદગીભર બધાંએ મને ચોર તરીકે હડધૂત કર્યો હોત.

પછી તમે કહ્યું, ‘‘બધા એક લાઈનમાં ઊભા રહો અને આંખો મીંચી દો. હવે હું બધાંનાં ખિસ્સાં તપાસીશ, પણ બધાંનાં ખિસ્સાં તપાસાઈ જાય ત્યાં સુધી કોઈએ પોતાની આંખ ખોલવી નહીં.

તમે એક એક ખિસ્સું તપાસતા મારી નજીક આવ્યા. મારી છાતીમાં ધબકારા વધી ગયા. તમે મારા ખિસ્સામાંથી ઘડિયાળ કાઢી, પણ છતાં, બાકીના બધા વિદ્યાર્થીઓનાં ખિસ્સાં પણ તમે તપાસ્યાં અને પછી અમને સહુને આંખો ઉઘાડવા જણાવ્યું.

તમે એ ઘડિયાળ અક્ષયને આપી અને કહ્યું, ‘‘બેટા, હવે પછી ઘડિયાળ પહેરીને વર્ગમાં ન આવતો.’’ પછી ઉમેર્યું, ‘‘અને જેણે કોઈએ એ લીધી હતી, તેણે ફરી આવું ખોટું કામ કરવું નહીં.’’ બસ, પછી તમે રાબેતા મુજબ ભણાવવાનું કામ શરૂ કરી દીધું. ત્યારે તો નહીં જ, પણ ત્યાર બાદ મેં શાળાંત પરીક્ષા પાસ કરીને શાળા છોડી ત્યાં સુધી ક્યારેય ન તમે મારી ચોરીનો ઉલ્લેખ કર્યો, ન એ તમારા વર્તનમાં બતાવ્યું ! સર, આજે પણ તે યાદ કરીને મારી આંખો ભરાઈ આવે છે. બસ, ત્યારથી જ મેં નક્કી કર્યું હતું કે તમારા જેવો જ શિક્ષક બનીશ - અને જુઓ, બન્યો પણ ખરો !’’

‘‘અરે... હા, હા ! મને યાદ છે એ ઘટના ! પણ મને આ ક્ષણ સુધી ખબર ન હતી કે એ ઘડિયાળ મેં તારા ખિસ્સામાંથી કાઢી હતી... કારણ કે તમારાં ખિસ્સાં તપાસાઇ ન જાય ત્યાં સુધી મેં પણ મારી આંખો બંધ રાખી હતી.’’

(નીલેશ સાઠે ના મૂળ મરાઠી લખાણ પરથી મુકુલ વોરાનું ભાષાંતર)



# જીવન

**□ ગુણવંત શાહ**

શિક્ષણ દ્વારા અજ્ઞાન દૂર થાય, પરંતુ મૂર્ખતા દૂર નથી થતી. જીવનનું એક વિચિત્ર સત્ય એ છે કે મૂર્ખતા કદી પીડાદાયક નથી હોતી. માણસને પોતાની મૂર્ખતા અત્યંત વહાલી હોય છે તેનું રહસ્ય એ જ કે મૂર્ખતા રાહત પણ આપે છે. મૂર્ખતાનો માલિક એક એવા નશામાં હોય છે, જે નશો એને જ્ઞાન દ્વારા મળનારી પીડાથી બચાવી લે છે. સેમ્યુઅલ બેકેટના વિખ્યાત નાટક 'વેઈટિંગ ફૉર ગોદો' માં સાંભળવા મળતું એક વિધાન છે :

'દુનિયામાં આંસુ કદી ખૂટતાં નથી.
એ નિરંતર વહે છે.
ક્યાંક કોઈ રડવાનું બંધ કરે,
ત્યાં તો બીજે કશેક
રડવાનું શરૂ થઈ જાય છે.'

મૂર્ખતા પણ સુખદાયિની છે ! જીવન તળાવ જેવું અપ્રવાહી કે 'સ્થાનકવાસી' નથી હોતું. એ તો પ્રતિક્ષણ ગતિશીલ હોય છે. ગતિ એ જ તો પરિવર્તનનું ચારિત્ર્ય છે. વહેવું અને સતત વહેવું એ નદીનું શીલ છે. ગીતામાં સાગરને અચલપ્રતિષ્ઠ કહ્યો છે. જે ધ્યેય હોય તે સ્થિર હોય તો જ ત્યાં સુધી પહોંચીને પામી શકાય. આપણા ઘણાખરા ઉપદ્રવો કાયમીપણાની ભ્રમણાનાં ફરજંદો છે. સાગર 'અચલપ્રતિષ્ઠ' છે તેથી તો નદી સાગર ભણી વહી શકે છે. સાગર જ નદીનું ગંતવ્ય છે. જીવનને અસ્ખલિત પ્રવાહ સ્વરૂપે જોવામાં બધા આધ્યાત્મનો સાર આવી જાય છે. એક જ બાબત કાયમી છે અને તે છે કાયમીપણાનો અભાવ ! આવી સમજણ આપણને હળવા બનવાની છૂટ આપે છે. જે હળવો નથી તે સાધુ નથી. જેનું સ્મિત કરમાઈ જાય તેની સાધુતા કરમાઈ જાય છે. વર્ષો પહેલાં વિનોબાએ કોઈ સ્વાર્થી માણસને સંભળાવેલું : 'ફાયદે સે ક્યા ફાયદા ?' જે મનુષ્ય ભારેખમ જણાય તેને ચિંતક કહેવાની ભૂલ ન કરશો. અધ્યાત્મને ઘુવડગંભીરતા સાથે કોઈ લેવાદેવા નથી. સતત યાદ રાખવાનું છે કે આપણને ગીતાનો ઉપદેશ એક એવા યોગેશ્વરે આપ્યો છે, જેમણે રાસલીલા પણ કરી હતી અને માખણચોરી પણ કરી હતી. કૃષ્ણના સ્મિતનો જાદુ આજે પણ ઓસર્યો નથી. આજની નવી પેઢીનો ભગવાન પણ નૃત્યપ્રિય, સ્મિતપ્રિય અને આનંદપ્રિય હોવાનો. જેનું મોં ગંભીરતાને કારણે થોડુંક બેડોળ બની ગયું હોય એવા ચિંતકથી દસ કિલોમીટર છેટા રહેવામાં જ લાભ છે.

**આપણો સમાજ બહુમતી નામના બુલડોઝરનો ગુલામ છે. ઘણાખરા લોકો જે માને તેને સાચું માનવામાં સલામતી રહેલી છે. આવી ગુલામીને કારણે જ સદીઓ સુધી સતીપ્રથા ચાલુ રહી શકી. આટલી ક્રૂર પરંપરાને ધર્મની ઓથ સાંપડી તેથી ધર્મ શબ્દ ઝંખવાણો પડ્યો.**

સાને ગુરુજી જેવા સાધુપુરુષે પ્રશ્ન કર્યો, 'અદ્વૈત અને અસ્પૃશ્યતા વચ્ચે મેળ બેસે ખરો ?' સતીપ્રથા સામે બુલંદ અવાજ ઉઠાવનાર રાજા રામમોહન રોયની ભાભીને બળજબરીથી સતી થવાની ફરજ પડી ત્યારે રાજા રામમોહન રોયની ચેતના જાગી ઊઠી. બહુમતી એટલે શું ? જવાબ છેઃ હિંમતવાળો એક માણસ એટલે બહુમતી. નોઆખલીમાં ગાંધીજી એકલા ગયા તોય બહુમતીમાં જ હતા. માણસ ભલે એકલો હોય, પરંતુ સત્ય જ્યારે બાજુમાં ઊભેલું હોય ત્યારે સંખ્યા ગૌણ બની જાય છે. એકલા જણાતા માણસ પાસે ઊભેલું સત્ય સ્થૂળ આંખે દેખાતું નથી. કોઈ પણ જાતના સ્વાર્થ વિના પોતાને જડેલા સત્યનો ઉપાડો લેતી વખતે માણસ એકલો હોય છે એવો ભ્રમ ખંખેરી કાઢવા જેવો છે. એ માણસની પાસે ઊભેલા સત્યદેવતા અન્યની નજરે ન પડે તેથી શું ? ઐતરેય ઉપનિષદમાં દેવોને 'પરોક્ષપ્રિયા' કહ્યા છે. સત્યના દેવતાને પણ અપ્રત્યક્ષ રહીને પોતાનું કર્તવ્ય બજાવવાનું ગમે છે.

રોજ આપણા હાથમાંથી જીવન નામની જણસ છટકી જાય છે. દમયંતીના હાથમાંથી ચાલી જતી માછલીની માફક રોજ આપણી ભીતર પડેલી શક્યતાઓ આપણને છોડીને અદૃશ્ય થાય છે. જ્યારે જ્યારે સત્યનો પક્ષ લેવા માટે બે શબ્દો બોલવાનો મોકો મળ્યો ત્યારે આપણે મૂગા મર્યા ! જ્યાં એક હકીકત પ્રગટ કરવાથી કોઈ એકલા પડી ગયેલા સાચા માણસને ટેકો કરવાની તક હતી ત્યારે આપણે આપણા કપટયુક્ત મૌન દ્વારા કોઈ બદમાશને મદદ પહોંચાડી! આપણે આપણી મુત્સદ્દીગીરીને અકબંધ રાખી અને ગોટાળામય વાક્યો બોલીને અસત્યને રમતું મેલ્યું ! આવું કરતી વખતે આપણે આપણા માંહ્યલાની હત્યા કરતા રહ્યા અને રૂપાળા દેખાવાની મજા માણતા રહ્યા ! તમે આવા રૂપાળા માણસને મળ્યા છો ? એ માણસ અંદરથી મરી ચૂક્યો હોય છે. એ માણસ ક્યારેક તમારી પ્રશંસા કરે તોય હરખાશો નહીં. જો તમે એની જૂઠી પ્રશંસાથી હરખાઈ જશો, તો તમારે એની જૂઠી નિંદાથી દુઃખી થવું જ પડશે. આવો કોઈ બનાવટી બદમાશ તમારી નજીક આવી પહોંચે, તો મોં પર રૂમાલ દબાવીને દૂર ચાલી જજો. આળસ જોયું તેમ તુલસીદાસની શિખામણ સતત યાદ રાખવા જેવી છે. 'અસંતથી દૂર ભાગો.' કોઈ 'અસંત' ઘરે મળવા આવે ત્યારે શું કરવું ? એ જેટલો વખત બેસે તેટલો વખત પૂરી જાગૃતિ સાથે એની વાતો સાંભળી લેવી અને એ જાય કે તરત બાથરૂમમાં ચાલી જવું. બાથરૂમ સ્વચ્છતાદેવીનું મંદિર છે.

એક બાબત સમજી લેવા જેવી છે. તમે જો થોડાક સાચાબોલા હો અને વળી આત્મવિશ્વાસ-

થી ભરેલા હો, તો આસપાસના ઘણા લોકોને તમે દુ:ખી કરતા હો છો. સમાજના ઘણાખરા લોકોમાં આત્મવિશ્વાસ અને આત્મગૌરવનો અભાવ હોય છે. સરેરાશપણું (એવરેજનેસ) તેમનું રક્ષાકવચ બની જાય છે. સરેરાશ સામાન્યતા એમને નિંદા કૂથલી અને ઈર્ષ્યાનાં આક્રમણોથી બચાવી લે છે. એવી સરેરાશમૂલક સલામતી એમને જબરી નિરાંત આપે છે. નિરાંતનો પણ એક નશો હોય છે. નશાની શોધના મૂળમાં પણ નિરાંત પામવાની ઝંખના રહેલી છે. આપણા સમાજમાં જે ઘણાખરા લોકોને માન્ય હોય, તેવી જીવનશૈલી રાખવામાં નિરાંત રહે છે. અમારા ગામના ફળિયામાં અડધી સદી પહેલાં એક સુંદર સ્ત્રી રહેતી હતી. એ ઘરમાં બેસીને હાર્મોનિયમ વગાડતી. એ બિચારી હાર્મોનિયમ વગાડતી ત્યારે ફળિયાની સ્ત્રીઓ નિંદા કૂથલીનાં ઢોલકાં વગાડતી! (એ સ્ત્રી ગૌરવભેર આજે પણ રાંદેરમાં જીવે છે.) જરાક જુદી રીતે જીવનાર મનુષ્યને શત્રુઓ પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન નથી કરવો પડતો.

જે વ્યક્તિ તોતડી હોય તેને જ સમજાય છે કે આત્મવિશ્વાસ જાળવી રાખવાનું કામ કેટલું મુશ્કેલ છે. લોકો એની મશ્કરી ઉડાવે છે. કેટલાક લોકો પ્રશ્નો પૂછીને એની પાસે અઘરા શબ્દો બોલાવડાવે છે, જેથી તોતડું બોલનાર અપમાનિત થાય. સમાજ સતત કોઈનો આત્મવિશ્વાસ ખતમ થાય તેની પેરવી કરતો રહે છે. માનશો ? સ્વરાજ મળ્યું પછીના દાયકામાં લોકશાહી ઢબે ચૂંટાયેલી પ્રથમ સામ્યવાદી સરકારના મુખ્યપ્રધાન (કેરાલાના) ઇ.એમ.એસ. નમ્બૂદ્રિપાદ તોતડા હતા. તેમને કોઈએ પૂછ્યું, 'શું તમે કાયમ તોતડાવ છો ?' જવાબમાં એ નેતાએ આત્મવિશ્વાસ સાથે કહ્યું, 'ના, ફક્ત બોલું ત્યારે જ.' જીવનના એક તબક્કે અભિનેતા હૃતિક રોશન તોતડો હતો. ક્રિકેટર વેંગસરકર પણ નાનપણમાં તોતડું બોલનારા હતા. એવું જ પોતાના ખાસ અવાજ માટે વખણાતા અભિનેતા રઝા મુરાદ માટે પણ કહી શકાય.

આત્મવિશ્વાસ વિનાનું જીવન એ પાર્ટટાઈમ મૃત્યુ છે. આત્મગૌરવ વિનાનું જીવન એ ફુલટાઈમ મૃત્યુ છે. આત્મવિશ્વાસના પાયામાં સત્ય રહેલું હોય, તો એક એવી શક્તિનું નિર્માણ થાય છે, જે ગાંધીજી પાસે હતી. પૃથ્વી પર ક્યારેય આટલી દુર્બળ કાયામાં આટલો પ્રબળ આત્મવિશ્વાસ વસ્યો હશે ખરો ?

સાચા ગુત્રીએ ક્યાંક એક મૌલિક વાત કરી છે. એમાં માણસના દંભ પર જે કટાક્ષ થયો છે તે આપણને સૌને ચચરે તેવો છે, કહે છે :

**તમે ગંભીર હોવાનો**
**ડોળ કરી શકો છો,**
**પરંતુ તમે**
**હસમુખા હોવાનો ડોળ**
**કરી શકતા નથી.**

✶ ✶ ✶

# સુંદરતા

સમ્રાટ ચંદ્રગુપ્ત દેખાવમાં સુંદર હતા, જ્યારે ચાણક્ય કાળા હતા. એકવાર બંનેમાં નૈતિકતા ઉપર ચર્ચા થઈ રહી હતી. ચંદ્રગુપ્ત ચાણક્યના કોઈ પણ પ્રશ્નનો સંતોષકારણ જવાબ નહોતા આપી રહ્યા. તેમણે વિષય બદલતા કહ્યું, 'રાજ્યના બધા લોકો તમારી બુદ્ધિ અને ચતુરાઈને વિશેષ માને છે, પરંતુ જો ભગવાને તમને સુંદરતા પણ આપી હોત તો વિશ્વમાં તમારા સમાન કોઈ ના હોત.' ચાણક્ય સમજી ગયા કે ચંદ્રગુપ્તને પોતાના સૌંદર્યનું અભિમાન થઈ ગયું છે.

ચાણક્યએ આનો જવાબ આપવાનું વિચાર્યું. ચંદ્રગુપ્તને હંમેશાં સોનાના વાસણમાં પાણી પીવા માટે આપવામાં આવતું હતું. ચાણક્યએ એક સેવક પાસે માટીના અને સોનાના વાસણ બંનેમાં અલગ-અલગ પાણી લાવવાનું કહ્યું. સેવકે બંને વાસણોમાં પાણી ભરીને મૂકી દીધું.




થોડીવાર બાદ ચંદ્રગુપ્તને તરસ લાગી. ચાણક્યએ માટીના વાસણવાળું પાણી પીવા માટે ચંદ્રગુપ્તની નજીક કર્યું. પાણી પીધાં બાદ ચંદ્રગુપ્તે પૂછ્યું, 'આજે પાણીનો સ્વાદ બદલાયેલો છે. કેમ ?' ચાણક્યએ કહ્યું,'ભૂલથી તમને માટીના વાસણવાળું પાણી અપાઈ ગયું.' પછી તેમણે સોનાના વાસણવાળું પાણી આપ્યું. ચંદ્રગુપ્તે તે પણ પીધું. ચાણક્યએ પૂછ્યું, 'મહારાજ આ બંને વાસણના પાણીમાંથી કયું વધારે સારું હતું ?'

ચંદ્રગુપ્તે કહ્યું, 'માટીના વાસણનું પાણી બહુ મીઠું અને ઠંડું હતું. હવે હંમેશાં વાસણનું પાણી જ મને આપવામાં આવે.'

ચાણક્ય હસીને બોલ્યા, 'મહારાજ, જે રીતે વાસણની સુંદરતા પાણીને શીતળ અને મીઠું નથી બનાવતી, તેવી જ રીતે શરીરની સુંદરતા વ્યક્તિને જ્ઞાની અને વિદ્વાન નથી બનાવતી. એટલે સુંદરતા કે કરૂપતા કોઈ વ્યક્તિ કાળી છે એ જોઈને જ્ઞાનની તપાસ કરવી યોગ્ય નથી.'

ચંદ્રગુપ્ત ચાણક્યના કહેવાનો અર્થ સમજી ગયા અને તેમણે ચાણક્ય પાસે માફી પણ માગી.

✶ ✶ ✶



# પુર્નમિલન

**આઠ વર્ષ પહેલાં તેની અને નિયતિની અનાયાસ મુલાકાત થઈ હતી. એક બસપ્રવાસમાં બંને બાજુ-બાજુની બેઠકમાં હતાં. વાતો વાતોમાં બંને એકબીજાનાં મિત્ર બની ગયા અને ત્યાર પછી તો એક ઇતિહાસ રચાયો. પરંતુ આજે વિધવા નિયતિને જોઈને સોહમ સ્તબ્ધ થઈ ગયો હતો.**

રાતના આઠ વાગ્યા હતા. સ્ટેશન પર ઘણી ગરદી હતી. નિયતિ ગરદીમાંથી રસ્તો કરીને માંડ માંડ ટ્રેન સુધી પહોંચી અને મીનુને તેડીને ડબ્બામાં પ્રવેશી ત્યાં તો તે એકદમ ચોંકી ગઈ. અરે આ સોહમ તો નથી? ખભા થોડા વધુ પહોળા થયા છે પણ ચહેરો તો અરે એવો જ છે. ત્યાં તો પાછળથી કોઈનો ધક્કો લાગ્યો અને તે આગળ ચાલી. સંજોગાવશ સોહમની સામેની બેઠક ખાલી હતી. એટલે તેને મીનૂને ત્યાં સૂવડાવી. સોહમનું ધ્યાન બારીની બહાર હતું. નિયતિ બેઠકની નીચે સૂટકેશ મૂકીને બેઠી.

બેઠક લીધા બાદ નિયતિએ સોહમને વર્ષો બાદ મન ભરીને જોયો. સોહમ તો પહેલેથી શરમાળ પ્રકૃતિનો હતો અને છોકરીઓ સામે જોતો નહોતો. આજે પણ હજી એવો જ લાગે છે. મીનુ સૂતી હતી. ગાડી ચાલુ થઈ એટલે સોહમે બારીમાંથી નજર હટાવી ડબ્બામાં જોયું અને તે એકદમ ચોંકી ઉઠ્યો. માંડમાંડ પોતાની જાત પર કાબૂ રાખીને તે બોલ્યો, ''તું નિયતિ છે ને ?'' ... પછી અચાનક તેને પોતાની ભૂલનો અહેસાસ થયો હોય તેમ બોલ્યો, ''એટલે તમે નિયતિ જેવા....''

તે પોતાનું વાક્ય પૂરું કરે તે પહેલાં નિયતિ બોલી, ''હા, હું નિયતિ જ છું.'' અને સોહમ એકદમ સ્તબ્ધ થઈ ગયો. તેમની આસપાસના લોકો પોતાની વાતોમાં મશગૂલ હતા. કોઈનું ધ્યાન તેમના તરફ નહોતું. સોહમને પોતાની આંખો પર વિશ્વાસ ન બેઠો.

''તું... તારું બાળક...તારા પતિ...'' સફેદ સાડીમાં નિયતિને જોઈને તેને હકીકત પર વિશ્વાસ ન થયો. તેને બધું જણવાની ઇંતેજારી થઈ ગઈ.

આઠ વર્ષ પહેલાં તેની અને નિયતિની અનાયાસ મુલાકાત થઈ હતી, એક બસ-પ્રવાસમાં બંને બાજુ-બાજુની બેઠકમાં હતાં વાતોવાતોમાં બંને એકબીજાનાં મિત્ર બની ગયા અને ત્યાર પછી તો એક ઇતિહાસ રચાયો. પરંતુ આજે વિધવા નિયતિને જોઈને સોહમ સ્તબ્ધ થઈ ગયો.

''મારા પતિનું આઠ મહિના પહેલાં એક અકસ્માતમાં નિધન થઈ ગયું.'' એકદમ સપાટ અવાજમાં નિયતિએ વાસ્તવિક વાત કરી અને સૂકા ગાલને ભીંજવતા બે આંસુ તેની આંખમાંથી પડ્યા. નિયતિને રડતી જોઈ સોહમ પણ ઢીલો થઈ ગયો. તેના માટે સંયમથી બેસવું મુશ્કેલ બની ગયું. આ લાગણી પ્રેમની કે માનવતાની હતી તે સોહમ પણ ન સમજી શક્યો. પોતાની અંદરના ઝંઝાવાતને તેણે બહાર ન આવવા દીધો. નિયતિને સાંત્વના આપવા માટે તેની પાસે કોઈ શબ્દો નહોતાં. ખરી નિયતિ સાથે નિયતિએ ક્રૂર મજાક કરી.

થોડીવાર બાદ તેને આઠ વર્ષ પહેલાંની નિયતિ યાદ આવી ગઈ. જાણે હજી હમણાં જ તો સમય વીત્યો. તે એસ.એસ.સી.ની પરીક્ષા આપીને આવતો હતો અને નિયતિ પણ તે જ બસમાં માસીને ઘરે જતી હતી. વાતચીત કરતા બંને મિત્રો બની ગયા. છૂટા પડતી વખતે નિયતિએ માસી અને પોતાના ઘરનું સરનામું આપ્યું હતું, પણ તે એકદમ સંકોચશીલ હતો. નિયતિએ તેની હોસ્ટેલનું એડ્રેસ લીધું હતું. તેણે તો નિયતિનો સંપર્ક ન કર્યો, પણ નિયતિએ તેનો સંપર્ક કર્યો. હંમેશાં નિયતિ જ તેને મળવા આવતી અને તેની સાથે અલકમલકની વાતો કરતી. તે નિયતિની વાતોમાં ખોવાઈ જતો.

એમ કરતાં દિવસો વીતતા હતા ત્યાં નિયતિએ ધડાકો કર્યો કે, મારા પિતા મારા લગ્ન નક્કી કરવાની તૈયારી કરે છે, એટલે તે આવીને તેમની સાથે વાત કરે. નિયતિના ઘરે એકલા જવાની તો સોહમની હિંમત નહોતી. તેણે નિયતિને સમજાવી કે તે ઘરે જઈને પોતાના માતા-પિતાને સાથે લઈને આવશે. માંડમાંડ તેની વાત સાથે નિયતિ સહમત થઈ.

ટ્રેનની ગતિ ધીમી ધીમી થતી જતી હતી. ધીમે-ધીમે ગાડી અટકી ગઈ. બહાર અંધકાર હતો. નિયતિએ કહ્યું, ''સિગ્નલ નથી લાગતું.'' નિયતિનો અવાજ આવતાં જ સોહમ એકદમ જાગૃત બની ગયો અને વર્તમાનમાં પાછો આવી ગયો.

''હા... હા કોઈ સ્ટેશન આવ્યું હોય એમ લાગે છે.''

તેણે બહાર નજર કરતાં કહ્યું,

''શું કરે છે આજકાલ?'' ખૂબ જ આત્મીયતાથી નિયતિએ પૂછ્યું, સોહમે એકદમ મૃદુ સ્વરે જવાબ આપ્યો.

''મહુવામાં બેંક મેનેજર છું.''

સાંભળીને નિયતિના ચહેરા પર સંતોષ ઝળક્યો. તે વાત તેના ચહેરા પરથી સોહેમે જોઈ.

''તું ક્યાં રહે છે હમણાં?'' સોહમે તેને પૂછ્યું.

''સાસરામાં માન નથી રહ્યું. પહેલાં બાળક નહોતું થતું એટલે મહેંણા મારતા હતા હવે વિધવા થઈ એટલે બધા ધુત્કારે છે. દિયર-જેઠ કહે છે કે,'મિલકતમાં ભાગ લેવા બેઠી છે.' ક્યારેક કયારેક તો જમવા પણ મળતું નથી.'' એમ કહેતા તે રડી પડી. વર્ષો પછી કોઈ આત્મીય વ્યક્તિને વાત કરતી હોય એમ તેણે દિલ ખોલીને વાત કરી. સાડીનો છેડો મોઢા આડો રાખીને તેણે પોતાની ભાવના રોકવાનો પ્રયત્ન કર્યો. સોહમ ચૂપચાપ બેઠો હતો. જાણે તેનું હૃદય ધડકવાનું ભૂલી ગયો હોય. રડી-રડીને નિયતિની આંખો લાલ થઈ ગઈ હતી.

''તારા પિતા ?'' થોડીવાર પછી સોહમે પૂછ્યું.

''પપ્પા ને મમ્મી બન્ને હવે નથી રહ્યાં. ભાઈ-ભાભી પણ સંબંધ નથી રાખતા.'' એટલું બોલતા તો તેનાથી ડૂસકું નખાઈ ગયું. તેનું ડૂસકું સાંભળીને બધાની આંખો તેના પર સ્થિર થઈ. પરંતુ વિધવાની આંખો રડે તેમાં કંઈ નવું નથી એમ સમજીને સહુ પોતાનામાં વ્યસ્ત થઈ ગયા.

સોહમે નિયતિને રોકી નહીં. કેટલાક દુર્ભાગીઓનું દર્દ સમજી શકાય છે, પણ તેને દૂર નથી કરી શકાતું.

''અત્યારે ક્યાં જાય છે ?''

''માસીને ત્યાં આવી હતી બે-ચાર મહિના આશરો મળે એમ સમજીને આવી હતી. તેમના દીકરાઓએ સાચવી ખરી પણ અહીં લાંબો સમય રોકાવું યોગ્ય ન લાગ્યું. અત્યારે ભાઈના ઘરે જઈ રહી છું. જે પણ થાય મીનુ માટે તો હું જીવીશ જ.'' એમ કહીને વહાલથી પુત્રીના માથે હાથ ફેરવ્યો. આંખોના દર્દે મમતાનું રૂપ લઈ લીધું હતું. નિયતિના નસીબે ખરેખર તેના પર જુલમ કર્યો હતો.

સોહમ મનમાં ને મનમાં તૂટી ગયો હતો. તેને યાદ આવી ગયું. તે તેના માતા-પિતા સાથે નિયતિના ઘરે તેનું માગું લઈને ગયો હતો. નિયતિના પિતાની ગણતરી ઉચ્ચ મધ્યમવર્ગમાં થતી હતી અને સોહમનું ઘર સામાન્ય હતું.

**નિયતિ એકદમ બેબાકળી ઊઠી, સામાનને બહાર જોઈને તેને ફાળ પડી કે હવે સોહમ જશે. અને તે પછી એકલી પડી જશે. ત્યાં તો સોહમે તેનો હાથ પકડીને દબાવ્યો. સૂતેલી મીનુને તેડીને સૂટકેશ ઉપાડી. નિયતિ તેની પાછળ પાછળ ચાલવા લાગી. તેની આંખમાંથી અશ્રુધારા વહેતી હતી.**

એટલે તેના પિતાએ અપમાનીત કરીને તેને કાઢી મૂક્યો હતો. નિયતિએ ઘણી આજીજી કરી પણ તેના પિતા માન્યા નહોતા. અને થોડા દિવસમાં જ નિયતિના લગ્ન કરાવી દીધા.

''જવા દે, તારી વાત કર...'' હસવાનો પ્રયત્ન કરતાં નિયતિએ પૂછ્યું.

''શું કહું નિયતિ ?'' ઉદાસભાવે સોહમે કહ્યું.

''તે લગ્ન કર્યા ?''

''આવતા મહિને છે.'' કહીને સોહમે આંખો ઢાળી દીધી.

નિયતિ એકદમ ક્ષુબ્ધ બની ગઈ. કોણ જાણે કેમ પણ તેને સોહમના જવાબથી દુ:ખ થયું, તેના લગ્નની વાત સાંભળીને તેના હૃદયમાં ખાલીપો વ્યાપી ગયો. સોહમે પણ જોયું કે, નિયતિ એકદમ ઉદાસ બની ગઈ.

''સારી વાત છે, મા કેમ છે ?'' નિયતિએ વાત બદલતાં કહ્યું.

''મા સારી છે, હજી તને યાદ છે, કહે છે કે તું બહુ સારી છે.''

નિયતિને આશ્ચર્ય થયું અને આશાભરી દૃષ્ટિએ નિયતિએ પૂછ્યું ? ''મા મને હજી યાદ કરે છે ?''

''ઘણી વખત'' આટલાં વર્ષો વીતી ગયા છતાં તે તને ભૂલી નથી. સોહમે કહ્યું. સોહમ તેના ઘરે આવ્યો હતો ત્યારે તે ખૂબ પ્રેમથી તેની માની બાજુમાં બેઠી હતી. નિયતિને ભૂતકાળ યાદ આવતાં મન ભરાઈ ગયું હતું.

રાત ઘણી વીતી ગઈ હતી. બધા જ સૂઈ ગયા હતા અને અજબ શાંતિ ડબ્બામાં પ્રસરી ગઈ હતી. નિયતિએ પણ શાલ ઓઢીને સૂવાનો પ્રયત્ન કર્યો. સોહમે બેગને માથા નીચે મૂકીને સૂવાનો પ્રયત્ન કર્યો પણ થોડી ઠંડી લાગતી હતી. તેની પાસે ઓઢવાનું કંઈ નથી.

''શાલ નથી તારી પાસે ?'' નિયતિએ પૂછ્યું.

''ભૂલી ગયો'' નિયતિએ ઊભા થઈને બીજી શાલ કાઢીને સોહમને ઓઢાડી અને પડખું ફેરવીને સૂઈ ગઈ. સોહમને ઊંઘ નહોતી આવતી. તેને યાદ આવ્યું કે નિયતિને ઘેરા રંગો બહુ ગમતા પણ આજે સફેદ રંગે તેનું જીવન રોળી નાખ્યું.

સૂવાની ઇચ્છા બંનેને નહોતી. બંનેને ખબર હતી કે ફરી મુલાકાત નહીં થાય, પણ નિયતિની આંખો અને નબળાઈને લીધે આપોઆપ બંધ થઈ ગઈ. સોહમ સૂતેલી નિયતિને જોઈ રહ્યો અને પછી એકદમ ઉદાસ થઈ ગયો. મીનુના માસૂમ ચહેરાને જોઈને તેની ઉદાસીનતા ઓછી થઈ.

અમદાવાદ આવવાને અડધા કલાકની વાર હતી. ગાડી તેજ ગતિએ દોડતી હતી. સોહમના વિચારો તેનાથી પણ તેજ દોડતા હતા. પહેલાનો શરમાળ સોહમ હવે એકદમ વ્યવહારું બનીને વિચારવા લાગ્યો અને અચાનક તે ઊભો થયો. તેના ચહેરા પર નિર્ણય લીધાનો સંતોષ ઝળકતો હતો. ફટાફટ તેણે બધો સામાન ગોઠવી દીધો અને બારીની બહાર અમદાવાદ આવવાની રાહ જોતા બેઠો.

નિયતિ થાકેલી હોવાથી સૂતી હતી. ગાડી આગળ જતી હોવાથી ઘણાખરા પ્રવાસીઓ સૂતા હતા. સોહમે અમદાવાદ આવતાં જ સૂતેલી નિયતિને ઉઠાડી. નિયતિ એકદમ બેબાકળી ઊઠી, સામાન બહાર જોઈને તેને ફાળ પડી કે હવે સોહમ જશે. અને તે પછી એકલી પડી જશે. ત્યાં તો સોહમે તેનો હાથ પકડીને દબાવ્યો. સૂતેલી મીનુને તેડીને સૂટકેશ ઉપાડી. નિયતિ તેની પાછળ પાછળ ચાલવા લાગી. તેની આંખમાંથી અશ્રુધારા વહેતી હતી.

✶ ✶ ✶

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશાં સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો 'Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા પર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશું સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૬૨૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા.નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ

છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- બરવાળા ઘેલાશા - હાલ : કાંદિવલી સ્વ. સરલાબેન (સવિતાબેન) હરગોવિંદદાસ છબીલદાસ ડેલીવાલાના સ્મરણાર્થે
- ધ્વનિ ચિંતનભાઈ મોદી - ઘાટકોપર
- ડૉ. ઝીલ નિકુંજભાઈ મોદી - ઘાટકોપર
- વઢવાણ નિવાસી, હાલ : કાંદિવલી, શ્રી મનહરલાલ પાનાચંદ ગાંધી તરફથી
- બોટાદ નિવાસી, હાલ : બોરીવલી શ્રી મુકેશભાઈ ન્યાલચંદભાઈ શાહ ૬૦ વર્ષમાં પ્રવેશ થતાં તેની ખુશાલીમાં
- સુમન ગ્રુપ દારૂખાના હસ્તે સુરીલભાઈ શાહ

# એક સમજુ પિતાનો જગતના તમામ સંતાનોને કાગળ



**વહાલા દીકરા / દીકરી ,**

કુશળ હશે..

આ પત્ર હું તને ૩ કારણોસર લખું છું...! જીવન,નસીબ અને મૃત્યુ કોઈ જાણી શક્યું નથી...તો અમુક વાત જરૂરી છે કે વહેલામાં વહેલી જ કહી દેવાય...!

હું તારો પિતા છું અને આવી વાત જો હું નહિ કહું,તો તને કોઈ જ નહિ કહી શકે...!

આ બધી વાત હું મારા અનુભવથી કહું છું અને જો હું નહિ કહું,તો પણ તું તારા જીવનમાં શીખીશ જ...પણ, ત્યારે તને વધુ તકલીફ પડશે અને કદાચ સમય પણ નહિ હોય...જીવન સારું ને શાંતિથી જીવવા આટલું જરૂર કરજે...!

૧) જો કોઈ તારી સાથે સારો વ્યવહાર ના કરે,તો મનમાં દુઃખ ના લાવીશ... તારી સાથે સારી રીતે વર્તવાની ફરજ ફક્ત મારી અને તારી મમ્મીની જ છે... બાકી દુનિયાની કોઈ પણ વ્યક્તિ તને દુઃખ આપી શકે છે...તો એના માટે માનસિક રીતે હંમેશાં તૈયાર જ રહેજે...કોઈ પણ તારી સાથે સારું વર્તન કરે,તો એનો આભાર વ્યક્ત કરવો...પણ હંમેશાં સાવચેત રહેવું...આ દુનિયામાં મારા અને તારા મમ્મી સિવાય બધાના સારા વ્યવહાર પાછળ કોઈ હેતુ/સ્વાર્થ પણ હોઈ શકે છે...ઉતાવળમાં કોઈને પણ સારા મિત્ર ના માની લેવા...!

૨) દુનિયામાં કોઈ પણ એવી વસ્તુ નથી કે જેના વગર જીવી ના શકાય...આ વાત તને ખાસ કામ લાગશે,જ્યારે તને કોઈ તરછોડી દેશે કે તારી પસંદની વ્યક્તિ કે વસ્તુ તને નહિ મળે...જિંદગી ચાલ્યા જ કરે છે અને બધી જ વસ્તુઓ કે વ્યક્તિઓ વગર ખુશ રહેતા શીખી લેજે...!

૩) જિંદગી ટૂંકી છે...જો તું આજનો દિવસ વેડફીશ,તો કાલે તને જિંદગી પૂરી થતી લાગશે...તો જિંદગીના દરેક દિવસ-દરેક પળનો સદુપયોગ કરજે...!

૪) પ્રેમ એ બીજું કાંઈ જ નથી,પણ એક બદલાતી લાગણી જ છે...જે સમય અને સંજોગો સાથે બદલાતી જ રહે છે...જો તારો પ્રેમ તને છોડી જાય, તો સંયમ રાખજે...સમય દરેક દર્દને ભુલાવે જ છે...કોઈની સુંદરતા અથવા પ્રેમમાં જરૂરત કરતાં વધુ ડૂબી ના જવું...અને કોઈના દુઃખ માં પણ જરૂર કરતાં વધુ પરેશાન ના થવું...!

૫) અભ્યાસમાં ઘણા નબળા માણસો પણ જીવનમાં સફળ બન્યા છે...પણ એનો મતલબ એ નથી કે...અભણ કે અભ્યાસમાં નબળો માણસ સફળ જ થાય...વિદ્યાથી વધુ કશું જ નથી... ભણવાના સમયે ધગશ થી ભણજે...!

૬) હું નથી ઈચ્છતો કે નથી આશા રાખતો, કે તું મને મારા વૃદ્ધ સમયમાં મદદ કરે...અથવા હું પણ તને આખી જિંદગી સહારો આપી શકીશ કે નહિ,તે પણ મને ખબર નથી...મારી ફરજ તને મોટો કરીને, સારું ભણતર આપીને પૂરી થાય છે...એ પછી તું દુનિયાની મોંઘી ગાડીઓમાં ફરીશ કે પછી સરકારી બસમાં ફરીશ...એ તારી મહેનત અને આવડત ઉપર નિર્ભર છે...!

૭) તું તારું વચન હંમેશાં પાળજે...પણ બીજા એમનું વચન પાળશે જ એવી આશા ન રાખતો...તું સારું કરજે...પણ બીજા સારું જ કરશે એવી આશા પણ ન રાખતો...જો આ વાત તને વહેલી સમજાઇ જશે,તો તારા જીવનના મોટા ભાગના દુઃખ દૂર થઇ જશે..!

૮) મેં ઘણી લોટરીની ટિકિટ ખરીદી છે, પણ એક પણ લાગી નથી...જીવનમાં એમ નસીબથી જ અમીર થઇ જવાતું નથી...એના માટે ખૂબ જ મહેનત કરવી પડે છે...તો મહેનતથી કોઈ દિવસ ભાગતો નહિ...!

૯) જીવન ખૂબ જ ટૂંકું છે અને કાળનો કોઇ જ ભરોસો નથી...તો જેટલો વધુ સમય આપણે સાથે વિતાવી શકીએ, તેટલો વિતાવી લઈએ...કારણ કે આવતો જન્મ તો આવશે જ...પણ એ જન્મમાં આપણે મળશું કે નહિ તે ખબર નથી...તો આ જન્મમાં વધુમાં વધુ સમય પરિવાર સાથે વિતાવજે...!

**લિ. પપ્પા ....**

**સ્થળ - મા-બાપ ભવન**

# ‘ગણ ભૂલે ઈ માણહ નથ્ય...’

☐ ગિરીશ ગણાત્રા

હાંફળોફાંફળો થતો એક જુવાન રાજકોટ રેલવે સ્ટેશનની બહાર આવ્યો. કમ્પાઉન્ડમાં ચાર-પાંચ ટૅક્સી પડી હતી. એક ટૅક્સીની આજુબાજુ ચાર-પાંચ ડ્રાઇવરો ઊભા હતા. જુવાનની ઉતાવળ જોઈ સૌએ એની સામે જોયું, એકે પૂછી લીધું :

‘ક્યાં જવું છે, સાહેબ ?’

‘હમણાં જે મેલ ગયો એમાં મારો બાબો છે, એકલો છે. નાનો છે. ડબામાં કોઈ નથી. સાથે ઘણો સામાન છે. આ મેલને પકડી લેવો છે...’

બધા ડ્રાઇવરોએ એકબીજા સામે જોયું.

એમાંના એક કહ્યું :

‘કદાચ વાંકાનેર સ્ટેશને પકડાઈ જાય... પણ... કેટલા પૈસા આપશો ?’

‘જે ભાડું થતું હોય તે આપીશ, પણ જલદી કરો.’

‘વળતાનું પણ ભાડું થાય...’

‘એટલે ?’

‘તમને વાંકાનેર છોડી દઇએ ને અમારે પાછા એકલું આવવું પડે એટલે જવા-આવવાનું ભાડું થાય...

‘જે વાજબી થાય તે લો, પણ જલદી કરો. ટાઇમ ઇઝ પાસિંગ...’

ડ્રાઇવરોએ અંદરોઅંદર મસલત કરી અને ગરજનો લાભ લઈ મોટો આંકડો કહ્યો.

એ ભાડું સાંભળી યુવાનનું મોં ફાટી ગયું.

યુવાન જરા વિચારમાં પડ્યો.

‘સાહેબ બહુ વિચાર કરશો તો વાંકાનેર પણ મેલ નહિ પકડાય, ત્યાં પાંચ જ મિનિટનો હોલ્ટ છે...’

‘પણ પકડાશે ?’

‘એની ગેરન્ટી નહિ. મેલ પકડવો હોય તો પછી સુરેન્દ્રનગર સુધી લાંબા પણ થવું પડે...’

ઘડિયાળના કાંટે ભાવની ગણતરી થતી હતી. મેલ પકડાશે એની કોઈ ગેરન્ટી આપતું ન હતું. હા-ના થતી હતી. ડ્રાઇવરો બહુ સ્પીડનું જોખમ લેવા માગતા નહોતા. યુવાન અકળાતો હતો. વારંવાર ઘડિયાળ સામે જોતો હતો.

અચાનક એક ડ્રાઇવરે કહ્યું :

‘ચાલો સાહેબ, બેસી જાઓ. તમને મેલ પકડાવવાની મારી જવાબદારી. જય-માતાજી’ કહી એણે યુવાનનું કાંડુ પકડી પોતાની જોડે જ ટૅક્સીમાં બેસાડી દીધો અને ઝડપથી ટૅક્સીને મારી મૂકી. બધા ડ્રાઇવરો જોતા જ રહી ગયા. એકે મશ્કરીમાં કહ્યું :

‘પુનાભાએ નવી નવી ગાડી લીધી છે, પણ મેલની હરીફાઈ કરવા જશે તો ગાડીનો ખુરદો બોલાવી દેશે...’

‘ગરજનો લાભ લેતાં સાલ્લાને આવડ્યું નહિ. પેલો ભાવમાં જરા ઢીલો પડતો હતો, પણ છોકરાને કારણે તૈયાર થઈ જાત-જરાક ખેંચ્યું હોત તો...’

પુનાભા નવેનવો ડ્રાઇવર છે એટલે ઘરાક જોડે કેમ આટાપાટા ખેલવા એ હજુ આવડતું નથી. મરવા દો સાલ્લાને કાલે સ્ટેન્ડ પર આવશે ત્યારે એની ગાડીની હાલત જોઈને ખબર પડી જશે.’

- ગૌતમભાઈ હમણાં જ અમેરિકાથી આવ્યા હતા.

આવ્યા હતા પોતાના ચારેક વર્ષના પુત્રને લેવા. પતિ-પત્ની બંને અમેરિકામાં કામ કરતાં હતાં અને બંને સાથે આવી શકે એમ ન હતાં. એટલે ગૌતમભાઈ એકલા આવ્યા હતા. મમ્મી-પપ્પા સાથે ઊછરતા પોતાના નાનકડા પુત્રને હવે અમેરિકા બોલાવી લેવો હતો. એટલે, મિલકતના દસ્તાવેજોનું પતાવી, પુત્રને લઈ એ જલારામ બાપાનાં દર્શન કરવા ગયા હતા. પુત્રને પણ બાપાની જગાએ દર્શન કરાવી પાછા ફરતી વખતે રાજકોટ સ્ટેશનેથી એ ફર્સ્ટ ક્લાસમાં ચડ્યા. આખી ગાડી ખાલી હતી. એમાંય ફર્સ્ટ ક્લાસના ડબામાં કોઈ ન મળે. ડબામાં સામાન ગોઠવી બાબાને બેસાડી, એ છાપું લેવા પ્લેટફૉર્મ પર ઊતર્યા, પણ છાપાનો સ્ટોલ બીજા પ્લેટફૉર્મ પર હતો. ‘ગાડીને ઊપડવાને હજુ વાર છે.’ એવું કોઈએ કહ્યું એટલે ઝડપથી એ પુલ ચડી સામે ગયા. એ જરા બે-ત્રણ મેગેઝિનો પરથી નજર ફેરવતા હતા ત્યારે ગાડી ક્યારે ઊપડી એનો એને ખ્યાલ ન રહ્યો ને ઝડપથી પુલ ચડી પાછા પ્લેટફૉર્મ પર આવ્યા ત્યારે ગાડીનો છેલ્લો ડબો જતો જોયો.



એ પાછા પ્લેટફોર્મ પર આવી સ્ટેશન માસ્તરની ઑફિસમાં ગયા પણ, ત્યાં કોઈ હતું નહિ. આજુબાજુની બીજી બે ઑફિસોમાં ગયા, પણ કોઇએ કંઈ દાદ ન દીધી એટલે ઝડપથી નિર્ણય કરી લીધો-ટૅક્સી કરીને મેલ પકડી પાડવાનો.

એ ટૅક્સીમાં બેઠા-ચિંતાનાં વાદળો ઘેરાયેલાં હતા. ડ્રાઇવર ધીમી ગતિએ એક પછી એક વાહનો, ટ્રાફિક સિગ્નલો પાસ કરતો હતો.

'જરા ઝડપ કરોને, ડ્રાઇવર.'

'સાહેબ, એક વખત હાઇ-વે પકડી લેવા દો. પછી આ પુનાભાની કરામત નિહાળજો.'

અને સાચ્ચે જ પુનાભાની ટૅક્સીએ ઝડપ પકડી.

પુનાભાએ કહ્યું :

'સાહેબ મારી એક વાત માનશો ?'

'હં.'

'આ મેલ કોઈ પણ હિસાબે વાંકાનેર નહિ પકડાય. મેલ ઊપડ્યા પછી પંદરેક મિનિટે આપણે નીકળ્યા છીએ. વાંકાનેર સ્ટેશને ગાડી પાંચ-સાત મિનિટ ઊભી રહેશે. એ પછી થાન અને સુરેન્દ્રનગર પણ એટલો સ્ટોપ રહેશે. હું તમને ખોટી આશા નહિ આપું, કારણ કે આ મેલ છે ને એને સીધા પાટે જવાનું છે. મારે બધાં વાહનોએ ઓવરટેક કરીને જવાનું છે...'

'તો ?'

'વીરમગામ સ્ટેશને ગાડી પકડાવી દેવાની મારી ગેરન્ટી. તમે હા પાડો તો હું લીંબડીના હાઈ-વે પર લઈ સુરેન્દ્રનગરને બાયપાસ કરી વીરમગામ તરફ લઉં...'

'ગાડી પકડાશે ?'

'સોએ સો ટકા, મારી ગેરન્ટી ન પકડાય તો અમદાવાદ સ્ટેશને પહોંચાડવાની મારી જવાબદારી...'

ચિંતાના ભારણને લીધે ગૌતમભાઈ નિર્ણય ન કરી શક્યા, પણ પુનાભાએ નિર્ણય કરી લઈ હાઈ-વે પર ગાડી મારી મૂકી.

ગૌતમભાઈએ સિગારેટ સળગાવી.

પછી યાદ આવ્યું એટલે પુનાભાને સિગારેટ ધરી. અમેરિકન સિગારેટ પીતાં પીતાં પુનાભાએ કહ્યુ :

'સાહેબ, કંઈ વાત કરો તો તમારા મન પરનું ભારણ ઓછું થશે. બધું માતાજી પર છોડી દો. જે ભગવાનને માનતા હો એને એક નાળિયેર અને સવાપાંચ રૂપિયાની માનતા, માનો, બસ, બેડો પાર, મેં મનોમન માતાજીને બે દીવા માન્યા છે...'

આ ત્રણ-ચાર કલાક ગૌતમભાઈ માથે કેવા વીત્યા હશે એ ગૌતમભાઈ એકલા જ જાણે. એ પુનાભા સાથે વાત કરે, થોડી અમેરિકાની વાત કરે, વળી ચૂપ રહે, સિગારેટ સળગાવે, ડ્રાઇવરને ઝડપ વધારવાનું કહે.

ને એમ કરતાં પુનાભાએ જ્યારે વીરમગામ સ્ટેશન આગળ ગાડી ઊભી રાખી તો મેલ પ્લેટફોર્મ પર ઊભો હતો.

ટૅક્સીમાંથી ઊતરી ઝડપભેર ગૌતમભાઈ મેલના ડબ્બા તરફ દોડ્યા. એની પાછળ પુનાભા. ગૌતમભાઈ ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં ચડયા ને ગાડી ઊપડી. ઊંઘી ગયેલા એના બાબાને ખોળામાં લઈ ખૂબ ખૂબ બચીઓ ભરી, પણ ત્યાં ડબ્બાની સાથે દોડતા પુનાભા તરફ નજર કરી ને એને યાદ આવ્યું કે ટૅક્સીનું ભાડું આપવું રહી ગયું છે, એટલે એણે બાબાને સીટ પર મૂક્યો ને પેન્ટના હીપ-પોકેટમાંથી પાકીટ કાઢવા જાય ત્યાં પુનાભા ક્યાંય પાછળ રહી ગયા હતા. ગાડી પ્લેટફોર્મની બહાર નીકળવાની તૈયારી હતી. એણે સોસોની નોટો કાઢી પણ પુનાભાને આપે કઈ રીતે ? પુનાભા તો ક્યાંય પ્લેટફોર્મ પર પાછળ રહી ગયો હતો !

બહુ જ અફસોસથી એણે બારી બહાર જોયું ને પછી ગાડીએ ઝડપ કરી ત્યારે એણે પૈસા પાછા ગજવામાં મૂકી દીધા.

ધની ડોશી ખુશ હતાં.

દીકરાએ અઢી મહિના પછી પહેલવહેલી કમાણી એને મોકલાવી હતી અને એ પણ જેવી તેવી નહિ - પાંચ હજાર રૂપિયા જેવી.

આ પાંચ હજાર રૂપિયા એટલે પાંચસો ડૉલર થાય.

'કોણે દીકરાએ મોકલાવ્યા ?'

'હંઅ....'

'ક્યાંથી ? દુબઈથી મોકલાવ્યા ?'

'ના રે ભઈ, છોકરો ગયો છે ઠે... ઠ અમેરિકા. ત્યાંથી ડરાફ્ટ (ડ્રાફ્ટ) મોકલાવ્યો છે, નહિ તો આ ટૅક્સીમાં વળી શું કમાણી હતી ? જોકે ટૅક્સીએ જ કૌતુક બતાવ્યું...

અને પછી ધની ડોશીના જ શબ્દોમાં.

'...ઠે... ઠ વીરમગામ સુધી શા' બને પોગાડી આવ્યો. સોકરો ગાડીમાં રહી ગ્યો' તો, બાપાનો જીવ ઊંચો-નીચો થયા કરે, પણ પુનિયાએ સોઈ ઝાટકીને ટૅક્સીને ભગાડી મૂકી તે વહેલું આવે વીરમગામ. શાયેબે તો બાયણું ઉઘાડીને હડી મેલી પ્લેટફોરમ પર, ને દોડતી ગાડીએ ચડી બેઠા. સોકરાને પૈસા આપવાનું ભૂલી ગયા. બિચારાએ કાનની વાળી ગીરવે મૂકી પાછા આવવા પેટ્રોલ ભરાવ્યું. રાત'દી ગાળ્યું કાઢે શાયબને. ઇસ્ટેશન પર બધાય 'ટૅક્સીવાળાઓ એની ઠેકણી ઉડાડે કે થવા ગ્યો' તો પેસેન્જરને વહાલો, તે શું સંવાદ કાઢ્યો ?

'પણ શાયબ ઈ ભૂલ્યા નહિ. પંદરેક દહાડે ઇસ્ટેશન માસ્તરને કાગળ લખી મોકલાવ્યો કે પુનાભા ગઢવીને આ પોકાડી દેજો. પુનિયાને ઇસ્ટેશન માસ્ટરે કાગળ દીધો ને માંયથી સો ડૉલરનો ડરાફ્ટ નીકળ્યો. પુનિયાનો હંધોય ખરચો નીકળી ગયો, પણ શાયેબને પુનિયાનો ગણ ભારે તે લખ્યું છે કે આવવું સે અહીં ? અહીં મારી મોટલ સે. અત્યારે રસોયા તરીકે આવી જા. પછેં મેનેજર બનીને હંભાળવાનું. આવવાનો ખરચ શાયેબે દીધો ને પુનિયો પાસ-પરોટ કઢાવીને હાલી નીકળ્યો. આહા ! શાયબ ને એની વહુ એવા હારાં મળ્યાં સે કે પુનિયામાં સંધાય વાનાં કરે સે બિચારાં ! રે'વા, જમવાનું - બધુંય શાયેબને માથે. ભલું થજો શાયેબનું, એનાં દીકરાનું ને એના ઘરનાંઓનું. નૈતર કયાં શાયેબનું બાપાના દરશને આવવાનું ? કરેલો ગણ ભુલાતો નથી ને ભૂલે ઇ માણહ નથ્ય...

✶ ✶ ✶

**બંનેનાં મન ઉચાટમાં હતાં. તો પણ જાણે કશું જ ન બન્યું હોય એમ બિહેવ કરતાં હતાં**



# અધૂરી જિંદગી

□ યોસેફ મેકવાન

વસંતપંચમીની સાંજ પછીની સાંજ ઢળી ગઈ હતી. બકુલા ફ્લેટની બાલ્કનીમાં બેઠી હતી. ધૂપસળીની સળવળતી સેર જેમ તે ગીત ગણગણતી હતી,

*પંછી બનૂં ઉડતી ફિરું મસ્ત ગગન મેં,*

*આજ મૈં આઝાદ હૂં દુનિયા કે ચમન મે.*

પોતાના કંઠનું માધુર્ય માણતી પોતે આછું મલકી ગણગણતી રહી અને ત્યાં જ પરાગ અંદરના ઓરડામાંથી ત્યાં ધસી આવ્યો. બકુલાના બંને ખભા પકડી તેને ચોંકાવી દીધી. બોલ્યો, 'તું મસ્ત ગગનમાં ઊડી જઈશ તો આ પરાગ શું કરશે, હેં ?' અને નીચે ઝૂકીને બકુલાના મસ્તક પર હળવું ચુંબન કર્યું !

'આજે સાંજનું જમવાનું ઈડલી સાંભાર, ચટણી.' આટલું બોલતાં બકુલા ખડખડાટ હસી... બોલી, 'બધું અહીં જ બાલ્કનીમાં ખુલ્લામાં-ડાઈનિંગ ટેબલ પર નહીં.'

'વાહ ! ક્યા બાત હૈ બકુ ! યુ ડોન્ટ બિલીવ. આજે શું થયું ઓફિસમાં ખબર છે ?' ઉત્સાહમાં આવીને પરાગ બોલવા લાગ્યો. 'આજે ઓફિસમાં મારી પાસેની કેબિનમાં પેલી સંગીતાએ એની બહેનપણીઓ સાથે ઢોકળાં-ખમણની જયાફત ઉડાવેલી. ખી... ખી... કરીને અગડમ-બગડમ બબડતાં...ત્યારે મને તારા હાથની ઈડલી-ઢોંસા યાદ આવી ગયેલા ને મનમાં ઈચ્છાએ થયેલી. વાહ બકુ, જો એ ફળી ! આને કહેવાય લક !'

'લક તો આપણું ખૂલશે ? સાંભારનો સબડકો લેતાં બકુલા હળવા અવાજે બોલી.

'આપણું લક ? એટલે ? કંઈ સમજાયું નહીં.' બોલતા પરાગે બકુલા તરફ નજર નાખી તે મંદમંદ મલકતી હતી. કાન પાસેની વાળની લટ સરખી કરતાં બોલી, 'આજે બપોરે સ્કૂલમાંથી સમય કાઢી ડૉ. મહેતા પાસે ગયેલી. શરીરે જરા અસુખ-બેચેની લાગતું હતું, પણ આઈ એમ પ્રેગ્નન્ટ !'

'ઓહ ! ઈટ મિન્સ આઈ વિલ બીકમ એ ફાધર ! બકુ... બકુ... હાઉ સ્વીટ યુ આર !' બોલતાં પરાગે હાથમાંનો સાંભાર ગટગટાવી દીધો. થોડી ક્ષણો આમ જ વીતી. બકુલા પોતાનામાં વ્યસ્ત હતી. બોલી, 'પરાગ, આપણે એનું સુંદર નામ વિચારીએ.'

પરાગ એને તાકી રહ્યો, બોલ્યો, 'બકુ, હજી તો ખૂબ દિવસો છે. અત્યારથી શું ? એ વળી દીકરો કે દીકરી... એની તો...'

> *કોઈ સ્ટીમ એન્જિન ધક્ ધક્ કરી જઈ રહ્યું હોય એમ તેનું હૃદય ધડકી રહ્યું ! ફોટોગ્રાફ સાથે પત્ર પણ હતો. ખોલ્યો, વાંચ્યો ને મોં પરથી નૂર ઊડી ગયું*

પછી બકુલાએ એ વિશે ઘણું ઘણું બોલી નાખ્યું. છેવટે બંને વચ્ચે સાધારણ ચડભડ થઈ, પણ પછી એ રાતના અંધારામાં ક્યાંય ઓગળી ગઈ.

સવારનો રૂટિન ક્રમ બરાબર ચાલ્યો. બંને નોકરીએ જવા સ્કૂટર પર સાથે જ નીકળ્યાં. નિત્યક્રમ પ્રમાણે બકુલાને તેની સ્કૂલ પર ઉતારી પોતાની ઓફિસ પહોંચી જતો. સાંજ પડ્યે બંને પોતપોતાની રીતે વહેલાં-મોડાં ઘરે આવી જતાં.

બકુલા ખુશ હતી. જે રફતારથી જિંદગી વહી રહી હતી તેમાં તે પોતાને સદ્ભાગી સમજતી હતી. તે યાદ આવી જતાં હસી પડતી, પણ પછી ઓચિંતાની ગંભીર બની જતી. બા-બાપુ-ભાઈની ઉપરવટ થઈ તેણે કોર્ટમેરેજ કર્યા હતા. કેવો બિહામણો હતો ઘરનો માહોલ, પણ પરાગનો હસતો ચહેરો તેની નજર આગળ ઝોલા ખાતો ને પોતે નોર્મલ થઈ જતી. પરાગના ઘરનુંય આવું જ. એટલે કોઈ કશું કહેતું નહીં.

આજે સ્કૂલમાં બકુલાને થોડું અસુખ વરતાયું. બપોર થતાં થતાંમાં તો તેની અકળામણ વધી ગઈ. સ્કૂલમાંથી રજા લઈ તે ઘરે આવી. બેચેનીમાં તેને કંઈ સૂઝતું ન હતું. તેણે મસાલેદાર સરસ ચા બનાવી. સાથે બ્રેડ-બટરનો નાસ્તો કર્યો. થોડું સારું લાગ્યું. તે પલંગ પર આડી પડી. સામે રહેલું ટી.વી. ચાલુ કર્યું, પણ મન ન લાગ્યું. થયું પરાગને ફોન જોડું ? પણ પાછો એ ચિંતાનો માર્યો દોડયો આવશે. કેટલી બધી લાગણી બતાવે છે ! પાછો એનો પેલો બોસ. જવા દો કંઈ ફોન નથી કરવો. તે બહાર બાલ્કનીમાં ગઈ. ત્યાં પડેલી આરામચેરમાં બેઠી. ત્યાં ડોરબેલ વાગ્યો. બકુલા દરવાજે ગઈ. બારણું ખોલ્યું-પરાગના નામનું કુરિયર હતું. લીધું. અંદર આવી પરાગના ટેબલ પર મૂક્યું. તેને તાકી રહેતા વિચાર્યું, શું હશે આમાં ? પછી ઉઠાવ્યું. પાછળ જોયું. મોકલનારનું નામ વાંચી જરા હબક ખાઈ ગઈ. એ સુરતથી આવેલું. ત્યાંના કોઈ અનાથાશ્રમનું એડ્રેસ હતું. તે વિસ્મય પામી. પરાગને અને આ અનાથાશ્રમને શો સંબંધ ? કદાચ પરાગના

કોઈ ઓળખીતા હોય અથવા આ સંસ્થાને પરાગે કદાચ ભૂતકાળમાં સહાય કરી હોય કે પછી એ ઝાઝું વિચારી શકી નહીં, પણ પાછું થયું. પરાગ છે જ એવો ઉદાર દિલનો. હોટલમાં જઈએ ત્યારે ક્યારેક સો રૂપિયાનીયે ટીપ ધરી દે !

હું કહું, 'પરાગ, આ શું ? સો રૂપિયા ટીપ ? તું આમ પૈસા ન વેડફી દે.'

ત્યારે તેણે કહેલું, 'બકુ ! જો આપણે આવા લોકોને આ રીતે મદદ કરવી જોઈએ. એ ભીખ તો નથી માગતા ને.'

'પણ પરાગ !'

પણ ત્યાં તો વચ્ચે જ પરાગ બોલ્યો, 'ગાંડી, હોટલમાં ડિશના ભાવ કેવા હોય છે ! ભાવતાલ કરીએ છીએ ? ગરજે મગાવીએ છીએને ? અને થિયેટરમાં પોપકોર્ન શા ભાવે લઈએ છીએ. એ લોકો ઉઘાડી લૂંટ કરે છે ત્યાં કોઈ બોલતા નથી ને આવા બિચારા માંડ-માંડ પેટ ભરતા હોય એમને બે પૈસા મળે તો શું થઈ ગયું !'

બકુલાને કંઈ બોલવાપણું ન રહ્યું.

'જો બકુ !' પરાગે સહજભાવે કહ્યું, 'હું તો આને ધર્મ માનું છું. મારે મન ધાર્મિકતા એટલે આ. મંદિરમાં જવું ન જવું અલગ વાત છે. તારે માનવું હોય તો માન. બાકી મને કોઈ ફેર પડતો નથી.'

પરાગની આવી ફિલોસોફી સાંભળી પરાગ પર તેને વહાલ થઈ આવ્યું. પરાગના ખભા પર હાથ મૂકતાં મલકાતાં બોલી, 'પરાગ, તું મને મળ્યો. મારી જાતને ભાગ્યશાળી ગણું છું.'

બકુલાના મનમાં સંઘરાયેલું પરાગનું આવું ચિત્ર તેને આનંદ આપી જતું. પરાગના એવા એવા ખ્યાલોમાં તેને ક્યારે ઝોકું આવી ગયું તેની ખબરેય ન રહી. જ્યારે જાગી ત્યારે ચાર વાગી ગયા હતા. બબડી... ખાસ્સું ઊંઘી ગઈ. પેટ પર હાથ ફેરવતાં થોડું શરમાઈ ઊભી થઈ. પછી ચા બનાવી. બ્રેડ-બટર સાથે ચાની ચૂસકીઓ લીધી. 'હાશ, કંઈક સ્વસ્થ થઈ' બોલતાં ખુરશીમાં આરામથી બેઠી.

ખટાક ! દરવાજો ખૂલ્યો. તેની નજર તે તરફ ગઈ. 'અરે પરાગ ! તું અત્યારે આટલો વહેલો ? પાંચ થયા ? તું તો...'

'ઓફિસમાં કામથી કંટાળેલો. ભેજું કામ નો'તું કરતું. મને રિલેક્સ થવાની જરૂર લાગી, તે સેવંતીને સોંપીને નીકળી ગયો.' બોલતાં બોલતાં પરાગે બેગ ટેબલ પર મૂકી. બૂટ-મોજાં ઉતારતાં કહ્યુ, 'ખબર નહીં અકારણ કશો ડર લાગ્યા કરે છે, જીવ અકળાય છે ! કોઈ મારી પીઠ પાછળ હરતું ફરતું હોય એવો ભાસ થયા કરે છે !'

'પરાગ, આજે મારેય સ્કૂલમાં આવું જ થયેલું. હું યે જોને બપોરે બેએક વાગ્યે તો આવી ગયેલી. તબિયતમાં કંઈ ગરબડ લાગતી હતી.' થોડું અટકી ઉમેર્યું, 'જોને ત્યાં ટેબલ પર કંઈ તારા નામનું કુરિયર આવ્યું છે !'

'મારું ? ક્યાંથી ?' પરાગે નવાઈથી બકુલા તરફ નજર નાખતાં પૂછ્યું.

'સુરતથી.' બકુલા ઝડપથી બોલી ગઈ.

સાંભળતા જ પરાગ ઊભો થઈ ગયો. કુરિયર લીધું. પાછળ સરનામું જોયું. શું હશે આમાં ? વિચારતાં મનમાં બબડ્યો કોનું હશે ? નામ તો જાણીતું નથી, તે ખોલવા લાગ્યો. સામે બેઠેલી બકુલાની નજર પણ કવર પર કોઈ પતંગિયાની જેમ ઊડ્યા કરતી હતી. ત્યાં કવર ખૂલ્યું. પરાગે તેમાંથી કોઈ ફોટોગ્રાફ કાઢ્યો. સુંદર મધુર સ્મિત વેરતો સોહામણો ચહેરો ! પાંચ-છ વર્ષની બાળકીનો ગૌર ચહેરો, પરાગની આંખોમાં ચકરાવે ચઢ્યો. કોઈ સ્ટીમ એન્જિન ધક્ ધક્ કરી જઈ રહ્યું હોય એમ તેનું હૃદય ધડકી રહ્યું ! ફોટોગ્રાફ સાથે પત્ર પણ હતો. ખોલ્યો, વાંચ્યો ને મોં પરથી નૂર ઊડી ગયું.

'શું છે પરાગ ? લાવ તો.' બકુલાએ ઈંતેજારી બતાવી.

'કંઈ નહીં. એક બાળકી માટે મારે થોડા રૂપિયા દાન કરવાના છે.' પરાગના અવાજમાં થડકારો હતો.

'હા, પણ લાવ મને જોવા તો દે. જાણું તો ખરી.', 'પછી હું તને વિગતે વાત કરીશ.' પરાગ ઝપાટાબંધ બોલી ગયો ને ઉમેર્યું, 'એકવાર મદદ કરેલી એટલે આ બીજીવાર મદદ...લોકો કેવા જબરદસ્તીથી પાછળ પડી જાય છે !' પરાગે એ ફોટો અને પત્ર પાછો કવરમાં મૂકી દીધો.

બકુલાએ નોંધ્યું કે પરાગ બેચેન છે. બોલવામાં જોશ નથી. ખીલીને વાત કરતો નથી. ઠૂસ થયેલા લાગે છે.

બકુલા બધું પામી ગઈ. વાત ચેરાય નહીં તેથી તેણે પૂછ્યું, 'સારું, છોડને જે હોય તે, પણ બોલ ડિનરમાં શું ખાવું છે ?'

'છોડને આજની ઝંઝટ. મને તો બહાર જવાની ઈચ્છા છે ! મૂડ ગયો છે !' પરાગથી ઉભડક બોલાઈ ગયું. બકુલા તેને તાકી રહી. વિચાર્યું, કંઈક અજુગતું...

'સારું...તો પછી તૈયાર થઉં ને. મારે બાથ લેવો પડશે.' બગાસું ખાતાં બકુલા બોલી.

પરાગે પેલું કવર સંભાળીને પોતાની ઓફિસબેગમાં ગોઠવી દીધું. બોલ્યો, 'રહેને, હુંય બે લોટા ઢોળી ફ્રેશ થાઉં. પછી તું જા.'

અને સપાટાબંધ તે બાથરૂમમાં ગયો.

આ બાજુ બકુલાના ચિત્તમાં વીજબીક ઝબકારો થયો. તે ઊઠી પરાગની બેગમાંથી પેલું કવર કાઢ્યું. ફોટો કાઢ્યો. સાથે પેલો પત્ર પણ કાઢ્યો અને પોતાના મોબાઈલમાં ફોટાના અને પત્રના સ્નેપ પાડી લીધા. એટલી જ સિફતથી પેલા કવરમાં મૂકી, એકવાર પાછું પરાગની બેગમાં મૂકી દીધું. પોતાના કબાટ પાસે જઈ ખાંખાંખોળા કરવા લાગી.

પરાગ ફટાફટ આવ્યો. બકુલા પણ એવી જ ઝડપે ફ્રેશ થઈ આવી. બંને ફ્રેશ હતાં, પણ બંનેનાં મન ઉચાટમાં હતાં. તો પણ જાણે કશું જ ન બન્યું હોય એમ બિહેવ કરતાં હતાં.

બસ, પછી મૂંગાં મૂંગાં સ્કૂટર પર નીકળ્યાં. પહોંચ્યા ડિનરબેલમાં.

'ઘણા વખતે આવ્યાં અહીં, નહીં ?' બકુલાએ હળવાશભર્યા અવાજે કહ્યું.

'હેં...' કહી બકુલા સાથે રેસ્ટોરાંનાં પગથિયાં ચડ્યો. તદ્દન સાદું ભોજન મગાવ્યું. પતંગના ઢીલા પેચ ચાલતા હોય એમ બંને વચ્ચે વાતો થતી. બકુલાએ જોયું કે પરાગ વધુ પડતો

*(વધુ માટે જુઓ પાના નં. ૩૩)*

**ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન સંચાલિત**

**શ્રીમતી ચંપાબેન દીપચંદ ડુંગરશી તુરખિયા**

# ગ્રુપ મેડિક્લેઈમ અને ટર્મ લાઈફ ઈન્સ્યુરન્સ પૉલિસી સ્કીમ

શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ દીપચંદ તુરખિયા (ઝાલાવાડી સભાના ટ્રસ્ટી પરિવારે) ઉપરોક્ત યોજના માટે માતબર રકમનું સંસ્થાને ડોનેશન આપેલ છે. ઝાલાવાડી સભાના જરૂરિયાતમંદ પરિવારોને મેડિક્લેઈમ પૉલિસી ઉતરાવી આપવા માટે અરજી મગાવેલ હતી.

અમને જણાવતા અત્યંત આનંદ થાય છે કે ઉપરોક્ત યોજના હેઠળ ૩૦૦થી વધુ અરજીઓ આવેલ હતી. દરેક પરિવારની વાર્ષિક આવકના આધારે આ યોજનાનો લાભ આપવાનું નક્કી થયેલ હતું.

સૌથી ઓછી આવકવાળા પરિવારને પ્રથમ લાભ આપવો તે ધોરણે આવેલ અરજીમાંથી ૩ લાખથી ઓછી આવક ધરાવતા ૧૪૮ પરિવારને આ યોજના હેઠળ ફેમિલી ફ્લોટર પોલિસી રૂા. ૨ લાખની (પરિવાર દીઠ) ઉતરાવી આપવામાં આવેલ છે.

અનેક વીમા કંપનીઓ સાથે વિગતવાર ચર્ચા વિચારણા કર્યા બાદ ''યુનિવર્સલ સોમ્પો જનરલ ઈન્સ્યુરન્સ કં. લિ. સાથે આ યોજના અન્વયે નક્કી કરવામાં આવેલ છે અને આ પોલિસી નવેમ્બર ૨૦૧૯ના પહેલા અઠવાડિયાથી ચાલુ થઈ જશે. આ પોલિસીનું સંપૂર્ણ પ્રીમિયમ ઝાલાવાડી સભા દ્વારા ભરવામાં આવેલ છે.

સમાજના જરૂરિયાતવાળા પરિવારોને મેડિક્લેઈમ પોલિસી દ્વારા સુરક્ષા કવચ આપવાનું ઉત્તમ કાર્ય ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ તુરખિયાના સહકાર અને પ્રેરણાથી થયેલ છે.

આ સંપૂર્ણ યોજનાના ફોર્મ ચેક કરવાથી લઈ યોજનાની વિગત સમજાવવા સુધીના દરેક કાર્યમાં સહમંત્રીશ્રી મુકેશભાઈ શાહ (ચશ્માવાળા), સહખજાનચી શ્રી મહેશભાઈ દોશી તથા કમિટી મેમ્બર શ્રી નવિનભાઈ જસ્વાણી, નરેન્દ્રભાઈ ગાંધી, કિરીટભાઈ શેઠ તથા જીતુભાઈ શાહનો સુંદર સહયોગ મળેલ હતો. આ સર્વેના પ્રયત્નોના કારણે આપણે આજે આ યોજના ફાઈનલ કરી તેનો લાભ સભ્યો સુધી પહોંચાડી શક્યા છીએ.

ડિસેમ્બર મહિનામાં ઈન્સ્યુરન્સ કંપની તરફથી દરેક પોલિસીધારકના કાર્ડ આવી ગયા પછી, દરેક લાભાર્થી પરિવારોની મેડિક્લેઈમ કમિટી અને ઈન્સ્યુરન્સ કંપનીના અધિકારીઓ સાથે એક સંયુક્ત મીટિંગનું આયોજન કરવામાં આવશે જેમાં દરેક સભ્યોને આ પોલિસીની સંપૂર્ણ જાણકારી આપવામાં આવશે તેમ જ દરેક સભ્યોની સમસ્યાનું સમાધાન કરવામાં આવશે. જે પરિવારોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે તે સર્વેનું એક WhatsAPP Group બનાવવામાં આવેલ છે અને WhatsAPPના માધ્યમ દ્વારા દરેક સભ્યોને ગતિવિધિની જાણકારી આપવામાં આવે છે.

આપની પાસે WhatsAPP વાળો Mobile ન હોય તો આપના પુત્ર/પુત્રી અથવા અન્ય સગાસંબંધીના WhatsAPP નંબર આપી આ ગ્રુપમાં જોડાઈ જશો જેથી આપને બધી જાણકારી મળી રહે તેમ જ આપની મૂંઝવણ / સમસ્યાનું માર્ગદર્શન મળી શકે.

આ માટે આપ મેડિક્લેઈમ કમિટીના સભ્યોનો સંપર્ક કરી શકો છો.

પ્રથમ વરસે આ યોજનામાં ૧૪૮ પરિવારોનો સમાવેશ કરી શક્યા છીએ. આવતા વરસે હજુ વધુ પરિવારોને લાભ મળે તેવા પ્રયત્નો ચાલુ છે.

**શ્રી મહેન્દ્રભાઈ ડી. તુરખિયા**
ટ્રસ્ટી - મેડિકલ કમિટી ચેરમેન

**શ્રી પ્રવીણભાઈ જી. શાહ**
ટ્રસ્ટી-ઉપપ્રમુખ

**શ્રી પંકજભાઈ વી. સંઘવી**
ટ્રસ્ટી-મંત્રીશ્રી

**શ્રી અતુલભાઈ એ. શાહ**
મંત્રીશ્રી

**શ્રી અનિલભાઈ એચ. સંઘવી**
મંત્રીશ્રી

**શ્રી મુકેશભાઈ આર. શાહ (ચશ્માવાળા)**
સહમંત્રી - કન્વીનર

## ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન સંચાલિત
## સ્વ. કનુભાઈ ગંભીરચંદ શાહ International Education Fund &
## શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખીયા Post Graduation Fund for Girls

સહર્ષ જણાવવાનું કે ઝાલાવાડી સભાના ઉપરોક્ત પ્રકલ્પમાં દાતાઓના સહકાર થકી આપણે જે ફંડ ઊભું કર્યું છે તેના થકી આપણા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને વિદેશમાં તેમ જ ભારતમાં ઉચ્ચ અભ્યાસ માટે શૈક્ષણિક લોન આપવાનું શરૂ કરેલ છે.

વિદેશ અભ્યાસ માટે અત્યાર સુધી આપણી પાસે ૮ અરજી આવેલ તેમાંથી ૭ વિદ્યાર્થીઓને યોગ્ય ચકાસણી, પર્સનલ ઈન્ટરવ્યુ અને મેરિટ ઉપર રૂા. ૨ લાખ પ્રતિ સ્ટુડન્ટ પ્રમાણેની લોન ઝાલાવાડી સભા એજ્યુકેશન કમિટી દ્વારા મંજૂર કરવામાં આવેલ છે અને દરેક વિદ્યાર્થીને દિવાળી પહેલા રૂા. ૨ લાખના ચેક આપવામાં આવેલ છે.

ભારતમાં ભણતા ઉચ્ચ અભ્યાસ માટે આપણી પાસે કુલ ૧૯ અરજી આવેલ છે તેની યોગ્ય ચકાસણી અને વિદ્યાર્થીઓની જરૂરિયાત મુજબ રૂા. ૨૫,૦૦૦/- થી રૂા. ૧ લાખ સુધીની શૈક્ષણિક લોન આપવાનું નક્કી કરેલ છે. આ અરજીઓના પર્સનલ ઈન્ટરવ્યુ દિવાળી બાદ લઈને તેના ચેક દરેક વિદ્યાર્થીને આપવામાં આવશે.

ઉચ્ચ અભ્યાસનો ખર્ચ બહુ મોટો હોય છે અને પૈસાના અભાવે આપણા સમાજના તેજસ્વી વિદ્યાર્થી ઉચ્ચ અભ્યાસથી વંચિત ન રહી જાય તેવા ઉમદા હેતુથી આ યોજના શરૂ કરેલ છે.

